# શ્રી આત્માનંદ પ્રકાશ.

[ જન્મ શતાબ્દિ અંક ]



સ્વ. આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ.

यच्चारित्रगुणैः सदाति विमलैराकृष्टमुर्वीतले—
भव्यं भारतजैनमंडलमिदं यस्य स्मरत्यातुरम् ॥
यत्कृत्या हि विहृत्य सद्गुरुयशः संतन्वते तद्गुणै—
स्त मैश्रीगुरवे नमोऽस्तु विजयानन्दाय सत्सूरये ॥

પુસ્તક ૩૩ મું ] : : ચૈત્ર : : [ અંક ૯ મો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ અમર શ્રી આત્મારામજી... જેચંદ કાળીદાસ મહેતા ( ચંદ્ર ) ૨૧૧
૨ શ્રી વીતરાગ સ્તવ ભાષાનુવાદ ( ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા ) ૨૧૨
૩ શ્રીમાન્ સોમસુંદરસૂરિરાજકૃત સંવિજ્ઞ સાધુ યોગ્ય કુલક મધ્યેના નિયમો. ( લે૦ સ. ક. વિ. ) ૨૧૫
૪ સત્ય જ્ઞાનનું રહસ્ય. ( અનુવાદ ) ... ... ૨૧૯
૫ શ્રીવીર-વિહાર મીમાંસા ... ( શ્રી વિજયેન્દ્રસૂરિજી )... ... ... ૨૨૧
૬ શ્રી આત્મારામજી મહારાજની જન્મશતાબ્દિ વર્ણન. ... ... ૨૨૭



## શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર [ અને શ્રી સમરાશાહ ]

( ઐતિહાસિક દષ્ટિએ )

ચૌદમા સૈકામાં શ્રી સમરાશાહ ઓસવાળે પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો છે. તેનું ઐતિહાસિક દષ્ટિએ રસમય વર્ણન બાળજીવો ( બાળક-બાળકીઓ ) પણ હોંશે હોંશે વાંચી શકે તેવી ગુજરાતી સાદી ભાષામાં લખાયેલ છે. શત્રુંજય મુખ્ય મંદિરની છબી સાથે આપવામાં આવેલ છે. વાંચતા શ્રદ્ધાળુઓની ભાવના વિકસ્વર થાય તેવું છે. સહુ કોઈ લાભ લઇ શકે, તેમજ પ્રભાવના કરવા માટે મન વધે તે માટે માત્ર બે આના ( પોસ્ટ જુદું ) કિંમત રાખેલ છે.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, એટલા મનોહર અને બાળજીવો સરલતાથી તરતજ ગ્રહણ કરી શકે બલ્કે કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા રસમય સુંદર ચરિત્રો છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

पुस्तक ३३ } वीर सं. २४६२. चैत्र आत्म सं. ४०. { अंक ९ मो.

## અમર શ્રી આત્મારામજી[1]

અમર તું અવનિયે રે, ઓ વિજયાનંદસૂરિ,
ધર્મને કાજે રે, તેં પ્રવૃત્તિ કીધી પૂરી.
જૈન ધર્મ પર અનેક આક્રમણ, ઉતર્યા'તા જે કાળે;
મહારથી જેમ ઝઝુમી સ્વામી, રક્ષ્યો ધર્મ તે ટાણે. અમર૦
અજ્ઞાનતિમિર ઘનઘોર ઘેરાયું, જિન દર્શન પર જ્યારે;
જ્ઞાન મશાલ ધરી તેં ગુરૂજી, પ્રકાશ પાથર્યો ત્યારે. અમર૦
તુજ જીવન સમધુર સુવાસો, આજ સુધી છે મ્હેકી;
જુગ જુગ જીવો તવ પૂણ્યકથાએ, કરવા અમ દ્રઢ ટેકી. અમર૦
અમર તું અવનિયે રે, ધન્ય ઓ વિજયાનંદજી !
તવ શતાબ્દિ રે, અમ મન આનંદકંદજી !
ફૂલ નહીં પણ ફૂલની પાંખડી, અમ અન્તર અર્ધ્ય તું લેજે;
સ્વીકારીને સ્વામી સ્વર્ગેથી, સંઘને સન્મતિ દેજે. અમર૦
ઉપકારી તવ જીવનનાં, સો વર્ષ થયાં પૂરાં;
આજ ઉમંગે **શતાબ્દિ** ઉજવીયે, થઈ તુજ પ્રિય **વલ્લભશૂરા** !
અમર તું અવનિયે રે, ઓ વિજયાનંદ સ્વામી !
તવ પૂણ્ય સ્મરણે રે, શીષ રહે અમ નામી !

**જેચંદ કાળીદાસ મહેતા** ( ચંદ્ર )

---

[1] શ્રી વિજયાનંદજી જન્મશતાબ્દિ પ્રસંગે બોલાએલું કાવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીતરાગ સ્તવ ભાષાનુવાદ.

## નવમો પ્રકાશ.

### કલિકાલપ્રશંસા.*

દોહરા.

અલ્પ કાળમાં તુજ જ્યાં, ભક્તિફલ મળતું જ;
[1]કલિકાલ જ તે હો ભલે! કૃતયુગાદિથી શું જ? ૧
સુષમથકી[2] દુષમ વિષે, સફળ કૃપા તુજ થાય;
મરુમાં કલ્પતરુ સ્થિતિ, મેરુ કરતાં શ્લાઘ્ય. ૨

* આ પ્રકાશમાં શ્રી હેમચંદ્રાચાર્યજીએ કલિકાલની પ્રશંસાના બ્હાને શ્રી વીતરાગદેવ પ્રત્યે અદ્દભુત ભકિત પ્રદર્શિત કરી છે. અત્રે દેખીતી રીતે પ્રથમ દષ્ટિએ તો કલિકાલની પ્રશંસા કરી છે, પરંતુ ગર્ભિત રીતે વ્યંગ્યપણે તેની નિન્દા કરી છે. આ **વ્યાજસ્તુતિ અલંકાર** કહેવાય છે; કારણ કે દેખીતી પ્રશંસા નિન્દારૂપે પર્યવસાન પામે છે. પરિણમે છે. ઊંડા ઉતરી વિચારતાં આ સ્પષ્ટ થશે.

૧. જે કલિકાળમાં ત્હારી ભક્તિનું ફળ અલ્પ કાળમાં જ સાંપડે છે તે કલિકાલ જ (ગમે તેવો દુષ્ટ છતાં) અમને ભલે હો! અમારે કૃતયુગ આદિ સારા કાળનું કંઈ પ્રયોજન નથી; કારણ જગત્‌માં સારભૂત પ્રાપ્તવ્ય તો ત્હારી ભક્તિ છે, અને તે જો પ્રાપ્ત થઇ તો અમારે કૃતયુગ આદિની અપેક્ષા નથી. અલ્પકાળમાં ફળ મળવાનું કારણ એ કે કલિકાલમાં એવા પ્રતિકૂલ સંયોગો વર્તે છે કે દઢતા વિના ભક્તિ પામવી દુર્લભ છે, એટલે દઢતર ભક્તિનું ફળ અલ્પકાળમાં મળે એમાં આશ્ચર્ય નથી.

૨. સુષમ કાળ કરતાં દુઃષમ કાળમાં ત્હારી કૃપા અધિક ફલવતી છે; તેનું દૃષ્ટાંત આપે છે.—મેરુ ઉપર કલ્પવૃક્ષ હોય તેના કરતાં મરુભૂમિમાં હોય તો તે અધિક પ્રશંસાપાત્ર છે. જેમ વસ્તુની દુર્લભતા તેમ તેનું મૂલ્ય વધારે એ અર્થશાસ્ત્રનો વ્યવહારિક નિયમ છે; પરમાર્થમાં પણ તેમજ. આ કાળને દુષમ કહેવાનું કારણઃ—

"જિનાગમમાં આ કાળને 'દુષમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે, કેમકે દુસમ શબ્દનો અર્થ દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો થાય છે. તે દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થ માર્ગ મુખ્યપણે કહી શકાય અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો કે પરમાર્થ માર્ગનું દુર્લભપણું તો સર્વ કાળને વિષે છે; પણ આવા કાળને વિષે તો વિશેષ કરીને કાળ પણ દુર્લભપણાનાં કારણરૂપ છે.

શ્રીમદ્ રાજચંદ્ર. પૃ. ૩૧૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાદ્ધ શ્રોતૃ[૩] વક્તા સુધી, ઉભય યોગ જો થાય;
તુજ શાસન સામ્રાજ્ય તો, એકછત્ર કલિમાંય. ૩
યુગાન્તરે પણ નાથ! જો, ઉચ્છૃંખલ[૪] ખલ લોક;
તો કલિ વામગતિ પ્રતિ, વૃથા જ કરીએ કોપ. ૪
કલિ જ[૫] કષ-પાષાણુ છે, પ્રસાધવા કલ્યાણુ;
અગ્નિ વિણ ના અગરુનો, વધે ગંધ મહિમાન. ૫

ત્રોટક.

દીપ[૬] રાત્રિ વિષે, દ્વીપ અબ્ધિ વિષે,
મરુમાં તરુ, અગ્નિ હિમાદ્રિ વિષે;

૩. શ્રદ્ધાળુ શ્રોતા-શ્રાવક અને સુબુદ્ધિમાન્ વક્તા-ઉપદેષ્ટા એ બેનો જો સુયોગ થાય તો કલિકાલમાં પણ ત્હારૂં શાસનસામ્રાજ્ય એકછત્ર વર્ત્તે. જ્યાં શ્રી કુમારપાળ મહારાજ જેવા પરમાર્હત્ જૈનશાસનના અનન્ય ભક્ત શ્રાવક હોય, અને કલિકાલસર્વજ્ઞ મહર્ષિ શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા ઉત્તમ ઉપદેશક હોય ત્યાં જૈનશાસનનો જયઘોષ દિગંતોમાં કેમ ન ગાજે? વર્ત્તમાન કાળને અપેક્ષીને પણ બોધ લેવા યોગ્ય છે કે-જો ઉપદેશક વર્ગ સુબુદ્ધિમાન્-સુવિચારશીલ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવજ્ઞ હોય અને શ્રાવકવર્ગ સુશ્રદ્ધાવાન્ હોય, અને તે બન્નેનો જો સુંદર સહકાર શાસનસેવા અર્થે હોય તો જગત્માં જૈનશાસનનો જયઘોષ જરૂર વાગે.

૪. બીજા સારા યુગમાં પણ જો ખલ જન-દુર્જનો ઉચ્છૃંખલ-અનિયંત્રિત-બેલગામ હોય છે, તો પછી આ કલિકાલ કે જેની ચેષ્ટા વિપરીત છે, આડી છે, તેના પ્રત્યે અમે કોપ કરીએ તે ફોગટ જ છે; કારણ કે આ કાળમાં ખલ જનોનું પ્રાબલ્ય સવિશેષ હોય એમાં નવાઇ નથી.

૫. સત્પુરુષરૂપ સુવર્ણની કસોટી આ કલિકાલ જ છે. સાધુતાથી ચ્યુત ન થતાં જે કલિકાલની કસોટીમાંથી ઉત્તીર્ણ થાય તે જ સત્પુરુષ. અત્રે દૃષ્ટાંતઃ-અગ્નિ વિના અગરુનો ગંધમહિમા વધતો નથી.

૬. જેમ રાત્રીમાં દીપક, સાગરમાં દ્વીપ, મરુભૂમિમાં વૃક્ષ અને હિમાલયમાં અગ્નિ મળવો દુર્લભ છે તેમ આ કલિકાલમાં અત્યંત દુર્લભ એવી ત્હારા ચરણકમલની રજકણ અમને મળી છે,-અત્રે ગર્ભિતપણે કલિકાલની નિન્દા કરી છે કે-કલિકાલ રાત્રી જેવો અંધકારમય છે, તમઃમય છે; સાગર જેવો ખારો અને દુરંત છે; મરુદેશ જેવો ઉજ્જડ, શુષ્ક છે; હિમાદ્રિ જેવો જડતાકારક છે, થીજાવી દે એવો છે, કિંકર્ત્તવ્યતામૂઢ કરી દે એવો છે. અને સાથે વીતરાગ દેવની સ્તુતિ કરી છે કે-આવા અંધકારમય કલિમાં આપ દીપક છો, દ્વીપ સદૃશ છો, ઈત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલિમાં મળી દુર્લભ તેમ ઘણી,
રજની કણ તુજ પદાબ્જતણી. ૬

પ્રભુ! અન્ય યુગે પણ હું ભટક્યો,
તુજ દર્શન વિણ કૃતી[૭] ન થયો;
કલિકાલ પ્રતિ નમનો અમ હો!
તુજ દર્શન જે મહિં પ્રાપ્ત અહો! ૭

ભગવાન! તું દોષવિહીન થકી,
કલિ શોભી રહ્યો [૮]બહુદોષી નકી;
વિષધારક જેમ ફણીન્દ્ર અરે!
વિષહારક રત્નથી શોભ ધરે. ૮

॥ इति नवमः प्रकाशः ॥

**ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.**

૭. હે નાથ! અન્ય યુગોમાં હું ભટક્યો, પણ ત્હારા દર્શન વિના કૃતાર્થ ન્હોતો થયો : આ કલિકાલને અમારા નમસ્કાર હો! કે જે કલિકાલમાં અમને ત્હારૂં દર્શન સાંપડ્યું.

૮. હે પ્રભુ! ઉપર કહ્યું તેમ બહુ દોષવાળો છતાં આ કલિકાલ તું નિર્દોષમૂર્તિથી શોભી રહ્યો છે! તે માટે પ્રતિવસ્તૂપમા કહે છેઃ-જેમ વિષધર ફણિપતિ વિષહર મણિથી શોભે છે તેમ.-તાત્પર્ય કે આ કલિકાલ તો ઝેરીલો મહાનાગ છે, અને તેમાં તું મોહરૂપ વિષને હરનારા રત્ન જેવો છે. ઉપર જે કાંઈ સારગ્રહી દષ્ટિથી કહ્યું તે બધો ગુણ તો શ્રી વીતરાગ દેવને આભારી છે, એને લઇને જ એની શોભા છે; બાકી તે કલિકાલ પોતે તે મહાફણિધર જેવો છે. સજ્જનોએ તેનાથી સદાકાલ ચેતતા રહેવાનું છે, ' શું કરીએ? કળજુગ છે. ' એવી નિરાશતા ન સેવતાં બમણી જાગ્રતિ-બમણો પુરુષાર્થ રાખવાનો છે, અને વીતરાગ દેવરૂપ વિષહર રત્નની સેવા કરવા યોગ્ય છે,-આ ભાવ અત્રે ધ્વનિત થાય છે. સારાંશ કે જેને વીતરાગ દેવની ભક્તિ પ્રાપ્ત થઇ છે તેણે કલિકાલનો લેશ પણ ભય રાખવાનો નથી. શ્રીમાન્ **આનંદઘનજી** પણ કહી ગયા છે કે:—

" દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપત શું ભેટ;
ધિંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ? વિમલજિન!"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ સોમસુંદરસૂરિરાજકૃત સંવિજ્ઞ સાધુ યોગ્ય કુલક મધ્યેના નિયમો.

૧–જ્ઞાન આરાધન હેતે મારે હંમેશાં પાંચ ગાથા મોઢે કરવી અને ક્રમવાર પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૨–બીજા ભણવા માટે હંમેશાં પાંચ ગાથા મારે લખવી અને ભણનારાઓને ક્રમવાર પાંચ પાંચ ગાથા મારે ભણાવવી.

૩–વર્ષાઋતુમાં મારે પાંચસો ગાથાનું, શિશિરઋતુમાં આઠસો અને ગ્રીષ્મઋતુમાં ત્રણસો ગાથાનું સજ્ઝાયધ્યાન કરવું.

૪–નવપદ નવકાર મંત્રનું એકસો વાર સદા રટણ કરૂં.

૫-પાંચ શક્રસ્તવવડે હંમેશાં એક વખત દેવવંદન કરૂં જ અથવા બે વખત કે ત્રણ વખત કે પહોર પહોર યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરૂં.

૬–દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળાં મુનિજનોને વાંદવા, ત્યારે બાકીના દિવસે એક દેરાસરે તો અવશ્ય જવું.

૭–હંમેશાં વડીલ સાધુને નિશ્ચે ત્રિકાળ વંદન કરૂં જ અને બીજા ગ્લાન તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરૂં.

૮–ઈર્યાસમિતિ પાળવા માટે થંડિલ–માત્રુ કરવા જતાં આહારપાણી વહોરવા જતાં રસ્તામાં વાર્તાલાપ વિગેરે કરવાનું છોડી દઉં.

૯–યથાકાળ પુંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો અંગ પડિલેહવા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા (કાંબળી) વગર બેસી જવાય તો પાંચ ખમાસમણ દેવા અથવા પાંચ નવકાર મંત્રનો જપ કરવો.

૧૦-ભાષાસમિતિ પાળવા માટે ઉઘાડે મુખે બોલુંજ નહિં તેમ છતાં ગફલતથી જેટલી વાર ઉઘાડે મુખે બોલી જાઉં તેટલી વાર ઇરિયાવહીપૂર્વક લોગસ્સનો કાઉસગ્ગ કરૂં.

૧૧–આહારપાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં અને ઉપધિની પડિલેણ કરતાં કોઇ મહત્ત્વના કાર્ય વગર કોઇને કદાપિ કાંઇ કહું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨–એષણાસમિતિ પાળવાં માટે નિર્દોષ પ્રાસુક જળ મળતાં હોય ત્યાં સુધી પોતાને ખપ છતાં ધોવણવાળું જળ, અણગળ જલ અને જરવાણી ( ઠરેલું પાણી ) લઉં નહિં.

૧૩–આદાનનિક્ષેપણાસમિતિ પાળવા માટે પોતાની ઉપધિ પ્રમુખ પુંજી પ્રમાર્જીને ભૂમિ પર સ્થાપન કરૂં તેમજ ભૂમિ ઉપરથી લેઉં, પૂંજવા, પ્રમાર્જવામાં ગફલત થાય તો નવકાર ગણું.

૧૪–દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં મૂકી દેવાય તો તે બદલ એક આંબિલ કરૂં અથવા ઊભા ઊભા કાઉસ્સગ મુદ્રાએ રહી એકસો ગાથાનું સજ્ઝાયધ્યાન કરૂં.

૧૫–પારિઠાવણીયાસમિતિ પાળવા માટે થંડિલ–માત્રુ કે ખેલાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નીવી કરૂં અને સદોષ આહારપાણી પ્રમુખ વહોરીને પરઠવતાં આંબિલ કરૂં.

૧૬–થંડિલ માત્રુ વિગેરે કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સગ્ગહો " પ્રથમ કહું અને પરઠવ્યા પછી ત્રણ વાર વોસિરે કહું.

૧૭–મનગુપ્તિ, વચનગુપ્તિ પાળવા માટે મન અને વચન રાગાકુળ થાય તો એકેક નિવિ કરૂં અને કાયકુચેષ્ટા થાય તો ઉપવાસ કે આંબીલ કરૂં.

૧૮–અહિંસા વ્રતે પ્રમાદાચરણથી મારાથી બેઇંદ્રિય પ્રમુખ જીવની વિરાધના થઇ જાય તો તેની ઇંદ્રિયો જેટલી નિવિઓ કરૂં. સત્યવ્રતે ક્રોધ, લોભ, ભય અને હાસ્યાદિકને વશ થઇ જૂઠું બોલી જાઉં તો આયંબિલ કરૂં.

૧૯–અસ્તેય વ્રતે પહેલી ભિક્ષામાં આવેલા જે ઘૃતાદિક પદાર્થો ગુરૂમહારાજને દેખાડ્યા વિનાના હોય તે વાપરૂં નહિ, અને દાંડો, તરપણી વિગેરે બીજાની રજા વિના લઉં વાપરૂં નહિ અને લઉં વાપરૂં તો આયંબિલ કરૂં.

૨૦–બ્રહ્મવ્રતે એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ ન કરૂં અને સ્ત્રીઓને સ્વતંત્ર ભણાવું નહિ. પરિગ્રહપરિમાણ વ્રતે એક વરસ ચાલે એટલી ઉપધિ રાખું પણ તેથી વધારે રાખું નહિં. પાત્રા, કાચલાં પ્રમુખ પંદર ઉપરાંત ન જ રાખું. રાત્રીભોજન વિરમણવ્રતે અશન, પાન, સ્વાદિમને લેશમાત્ર સંનિધિ રોગાદિક કારણે પણ કરૂં નહિ.

૨૧–મહાન રોગ થયો હોય તો પણ કવાથનો ઉકાળો ન પીઉં તેમજ રાત્રે પાણી પીઉં નહીં. સાંજે છેલ્લી બે ઘડીમાં જળપાન ન કરૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨–સૂર્ય નિશ્ચે દેખાતે છતે જ ઉચિત અવસરે સદા જળપાન કરી લેઉં અને સૂર્યાસ્ત પહેલાંજ સર્વ આહારના પચ્ચખાણ કરી લેઉં અને અનાહારી ઔષધીનો સંનિધિપણ ઉપાસરામાં રાખું–રખાવું નહિં.

૨૩–તપાચાર યથાશક્તિ પાળું એટલે છઠ્ઠાદિક તપ કર્યો હોય તેમજ યોગવહન કરતો હોઉં તે વિના અવગ્રહિત ભિક્ષા લેવી ન કલ્પે.

૨૪–લાગલાગાં આયંબિલ કે ત્રણ નિવિઓ કર્યા વગર હું વિગય, (દૂધ, દહીં, ઘી પ્રમુખ) વાપરૂં નહિ, અને વિગય વાપરૂં તે દિવસે ખાંડ પ્રમુખ સાથે મેળવીને નહિં ખાવાનો નિયમ જાવજીવ પાળું.

૨૫–ત્રણ નિવિ લાગોલાગ થાય તે દરમીઆન તેમજ વિગઇ વાપરવાનાં દિવસં નિવિયાંતાં ગ્રહણ ન કરૂં તેમજ બે દિવસ લાગટ કોઇ તેવા પુષ્ટ કારણ વિના વિગય વાપરૂં નહિ.

૨૬–દરેક આઠમ ચૌદશને દહાડે શક્તિ હોય તો ઉપવાસ કરૂ, નહિ તો તે બદલ બે આંબિલ કે ત્રણ નિવિઓ કરી આપું.

૨૭–દરરોજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવગત અભિગ્રહ ધારણ કરૂં કેમકે તેમ ન કરૂં તો પ્રાયશ્ચિત આવે એમ જીતકલ્પમાં કહ્યું છે.

૨૮–વીર્યાચાર યથાશક્તિ પાળું એટલે હંમેશાં પાંચ ગાથાદિકના અર્થ ગ્રહણ કરી મનન કરૂં.

૨૯–આખા દિવસમાં સંયમમાર્ગમાં પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર શિક્ષા આપું અને સર્વ સાધુઓને એક માત્રક પરઠવી આપું.

૩૦–દરરોજ કર્મક્ષય અર્થે ચોવીસ કે વીસ લોગ્ગસ્સનો કાઉસ્સગ કરૂં અથવા તેટલા પ્રમાણમાં સઝાય ધ્યાન કાઉસ્સગ્ગમાં રહી સ્થિરતાથી કરૂં.

૩૧–નિદ્રાદિક પ્રમાદવડે મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકાય તો એક આંબિલ કરૂં ને સર્વ સાધુઓની એક વખત વૈયાવચ્ચ નક્કી કરૂં.

૩૨–સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય, તો પણ બાળક ગ્લાન સાધુ પ્રમુખને પડિલેહણ કરી આપું, તેમજ તેમના ખેલ પ્રમુખ મળ, કુંડી પરઠવવા વિગેરે કામ પણ યથાશક્તિ કરી આપું.

૩૩–અપાસરામાં પેસતાં નિસ્સિહિ અને નીકળતાં આવસ્સહિ કહેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલી જાઉં તો, તેમજ ગામમાં પેસતાં નિસરતાં પગ પુંજવા વિસરી જાઉં તો યાદ આવે તે જ સ્થળે નવકાર મંત્ર ગણું.

૩૪–કાર્યપ્રસંગે વૃદ્ધ સાધુઓને હે ભગવાન ! પસાય કરી અને લઘુ સાધુઓને ઇચ્છકાર એટલે તેમની ઇચ્છાનુસારે જ કરવાનું કહેવું ભૂલી જાઉં તો,

૩૫–તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે મિચ્છામી દુક્કડં એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે સાંભરી આવે અથવા કોઈ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મારે નવકાર મંત્ર ગણવો.

૩૬–વડિલને પૂછ્યા વગર વિશેષ વસ્તુ લઉં–દઉં નહિ અને વડિલને પૂછીને જ સદા કરૂં પણ પૂછ્યા વગર કરૂં નહિ.

૩૭–જેમના શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કાંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છાંડયો છે તેમને ઉપર જણાવેલ નિયમો પાળવા પ્રાયઃસુલભ છે.

૩૮–સંપ્રતિકાળે પણ સુખે પાળી શકાય તેવા આ નિયમોને જે આદરે પાળે નહિં તે સાધુપણાથકી અને ગૃહસ્થપણાથકી ઉભયભ્રષ્ટ થયો જાણવો.

૩૯–જેના હૃદયમાં ઉપર કહેલા નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ ન હોય તેમને આ નિયમો સંબંધી ઉપદેશ કરવો એ (સિરા) સર વિનાના સ્થળે કુવો ખોદવા જેવો નિષ્ફળ થાય છે.

૪૦–નબળા સંઘયણ, કાળ, બળ અને દુષમ આરો એ આદિ હીણા આલંબન પકડીને પુરૂષાર્થ વગરના પામર જીવો આળસ–પ્રમાદથી બધી નિયમધુરાને છાંડી દે છે.

૪૧–( સાંપ્રતકાળે ) જિનકલ્પ વ્યુછિન્ન થયેલો છે, વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવીરકલ્પ પણ પાળી શકાતો નથી.

૪૨–તો પણ જો મુમુક્ષો આ નિયમોના આરાધન વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઇ ચરિત્રસેવનમાં ઉજમાળ બનશે તો તે નિશ્ચે આરાધકભાવને પામશે.

૪૩–આ સર્વે નિયમોને જે શુભાશયો વૈરાગ્યથી સમ્યક્ રીતે પાળે છે, આરાધે છે, તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે એટલે તે શિવસુખ ફળને આપે છે.

**સ. ક. વિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

ગતાંક પૃષ્ટ ૧૯૫ થી શરૂ.

સ્વપ્નના પ્રાણીઓ અચેતન છે, તેમની તુલના મનુષ્યો સાથે ન થઇ શકે એ મંતવ્યનો પુરસ્કાર કરનારને એક રીતે પ્રત્યુત્તર આપવાનો રહે છે. અન્ય મનુષ્યોના ભાવો સંબંધી એક મનુષ્ય અજાણ હોય છે તેજ પ્રમાણે સ્વપ્નમાં દ્રશ્યમાન થતા પ્રાણીઓના ભાવ આદિ સંબંધી સ્વપ્નદ્રષ્ટા અજાણ પણ હોય એવી દલીલ કેટલાક મનુષ્યો કરે છે. આ દલીલ એવી છે જેથી ગમે તેટલા ખુલાસા કર્યા છતાં ચિત્તનું સમાધાન ન જ થાય. ખરી વાત એ છે કે, આપણાં ચિત્તની ભિન્નતાને કારણે બીજા મનુષ્યોની ચેતનાયુક્ત સ્થિતિથી આપણે અજાણ પણ હોઇએ અને એ રીતે આપણને તેમના ભાવો આદિનું જ્ઞાન ન પણ હોય. સ્વપ્નના પ્રાણીઓ આપણા વિચારોનાં સ્વરૂપ માત્ર છે. મનુષ્યની શક્તિ સામાન્ય હોય ત્યાં સુધી તેનાથી બીજાના મનોભાવ જાણવા એ સર્વથા અશક્ય છે. સામાન્ય મનુષ્યોથી કોઇ અજ્ઞાત અને અસામાન્ય મનુષ્ય આદિના વિચાર કોઇ કાળે પણ ન જાણી શકાય. વિચારનાં સ્વરૂપ માત્રમાં બુદ્ધિ, સ્મૃતિ આદિનો આવિર્ભાવ નથી હોતો. બુદ્ધિ, સ્મૃતિ અને અન્વીક્ષણ શક્તિ મનુષ્યમાં જ રહેલ છે. મનુષ્ય એક વિચાર માત્ર નથી. મનુષ્ય સ્વપ્ન કે કલ્પનાના પ્રાણીથી સાવ નિરાળો છે.

સ્વપ્નના પ્રાણીઓ કે કાલ્પનિક આભાસમાં ચેતના છે એમ માયાવાદથી સિદ્ધ ન થાય ત્યાં સુધી સ્વપ્નની ઉપમા ઉપર આધાર રાખવો એ યુક્ત નથી. આત્મા એ ચેતના–યુકત સત્ય તત્ત્વનું પરાવર્ત્તન છે એમ જેઓ કહે છે તેઓ આત્મામાં ચેતનનાં અસ્તિત્વના સંબંધમાં યથાર્થ સમાધાન નથી કરી શકતા. પરાવૃત્ત થયેલ પ્રતિબિંબમાં ચેતનાની સંભાવના કદાપિ શકય નથી. દરેક મનુષ્યમાં ચેતના છે, દરેક મનુષ્યને મનોભાવ પણ હોય છે એ જોતાં સત્ય તત્ત્વ અને તેના પરાવર્ત્તન–સ્વરૂપમાં શો ફેર છે એ પ્રશ્ન ખાસ ઉપસ્થિત થાય છે. સત્ય તત્ત્વ અને તેના પરાવર્ત્તન સ્વરૂપમાં પ્રમાણની દૃષ્ટિએ ભેદ હોય તો ચાલી શકે. એ ભેદ સ્વરૂપ કે ગુણની દ્રષ્ટિએ હોય તો ચેતનાનું સ્વરૂપ એકજ પ્રકારનું કેમ છે ? અન્ય ચેતનાનાં અસ્તિત્વનું કોઇ પણ પ્રમાણ કેમ ઉપલબ્ધ નથી ? એ મુદ્દો વિચારણીય થઇ પડે છે. બન્નેનાં લક્ષણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેર હોય તો પરાવૃત્ત થયેલો આત્મા પરમાત્મા ન થઈ શકે એ સ્પષ્ટ છે, આત્મા એ સત્ય તત્ત્વનું પરાવૃત્ત સ્વરૂપ છે એ સિદ્ધાન્ત આ રીતે ક્ષણ પણ ટકી શકતો નથી. આત્મા પરમાત્માનું પ્રતિબિંબ છે અને આત્મા પરમાત્મા પણ છે એમ કહેનારાઓનો મેળ કેમ ખાઇ શકે ? વળી જો વિશ્વ એક અપરિવર્ત્તનશીલ અને અક્ષર શક્તિ કે મહાન્ આત્માનાં સ્વપ્નરૂપે ગણવામાં આવે તો વિશ્વ શાશ્વત્ હોવું જોઇએ એ નિઃશંક છે. વિશ્વને શાશ્વત્ માનીએ તો ક્ષણિક વસ્તુઓ સાથે તેની તુલના કરવી એ વિવેકશૂન્ય થઇ પડે છે.

વિશ્વમાં એકજ આત્મા હોય અને તે સર્વવ્યાપી, શાશ્વત્ અને પરમ આનંદમય હોય તો દરેક પ્રાણીને સુખદુઃખનો અનુભવ કેમ કરવો પડે છે એ પ્રશ્ન ખડો થાય છે. સંસારનાં બંધનમાંથી મુક્ત થવાની મનુષ્યને તીવ્ર ઇચ્છા કેમ થાય છે એ પ્રશ્નનું સમાધાન એક જ પરમાત્માનાં અસ્તિત્વની માન્યતાથી શકય નથી લાગતું મનુષ્યો વિગેરે પ્રાણીઓ જેઓ સંસારનાં અનેકવિધ દુઃખોનો અનુભવ કરી રહ્યા છે તેમની સાથે પરમસુખમય અને સંપૂર્ણ સ્વતંત્ર ગણાતા પ્રભુની એકરૂપતા સંભવી ન શકે. જો સત્ય આત્મા વસ્તુતઃ એક જ હોય તો દુઃખનો અનુભવ કરતા આત્માઓનું અનસ્તિત્વ જ હોવું જોઇએ અથવા તો દુઃખી આત્માઓ ખરી રીતે એક જ આત્મા હોવા જોઇએ એમ નિષ્પન્ન થાય છે. એક જ આત્માને પોતાનું અસ્તિત્વ અનેક સ્વરૂપે કદાપિ નથી ભાસતું અને વિશ્વના ભિન્નભિન્ન ભાગોમાં તેને એક જ સમયે જુદા જુદા પ્રકારનો અનુભવ નથી થતો એ ઉપરથી બીજું મંતવ્ય અસત્ય ઠરે છે. વળી આત્માઓનાં અનસ્તિત્વની માન્યતા સર્વથા અયુક્તિક છે. અસ્તિત્વ વિના સ્મૃતિ, મનોભાવ આદિ અસંભાવ્ય છે. વિશ્વમાં એક જ આત્માનું અસ્તિત્વ છે એ સિદ્ધાન્ત આ રીતે અસત્ય પ્રતીત થાય છે.

એક જ આત્માનાં અસ્તિત્વની માન્યતાથી ' મોક્ષ ' એટલે વિનાશ એવો વ્યક્તિ–આશ્રિત અર્થ નિષ્પન્ન થઇ શકે. પરમ સુખમય અને સંપૂર્ણ સ્વતંત્ર પરમાત્માને મોક્ષની પ્રાપ્તિ થાય એમ કહેવું એ સર્વથા નિરર્થક છે. મોક્ષ એટલે માયાયુક્ત મનુષ્યનો વિનાશ એમ ગણતાં મોક્ષપ્રાપ્તિ જેવું કશુંયે ન રહે, અર્થાત્ વેદાન્તનું આ મંતવ્ય ખરેખર નિરાશાજનક છે. કેટલાક પાશ્ચાત્ય મહાપંડિતોને પણ એ મંતવ્યથી સમાધાન કે સંતોષ પ્રાપ્ત નથી થતાં. તેમને એ મંતવ્ય સાવ અનર્થવાદી લાગે છે.

બ્રહ્મને મુક્તિની અનાવશ્યકતા અને ભ્રમયુક્ત દશાને કારણે આત્માઓથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીવીર–વિહાર મીમાંસા

( છદ્મસ્થાવસ્થાની દૃષ્ટિએ વિચારણા )

ચરમ તીર્થંકર શ્રીવીરપ્રભુ ગુજરાત–કાઠીયાવાડ અને મારવાડમાં પધાર્યા હતા એવી માન્યતા સદીઓ થયાં, આપણી જૈન સમાજમાં દૃઢીભૂત થયેલ છે. એથી બ્રાહ્મણવાડા આદિ તીર્થો તેમજ કેટલાંક સ્થળોનાં સંબંધમાં, આપણામાં ભિન્ન ભિન્ન વિચારો પ્રવર્ત્તે છે.

શ્રીવીરપ્રભુના વિહાર–સ્થળો સંબંધી, તાત્વિક દૃષ્ટિએ યથાયોગ્ય વિચાર કરતાં, વસ્તુસ્થિતિ સ્વયમેવ પ્રગટ થઈ જાય તેમ છે; પણ એ દૃષ્ટિથી વિચાર કરવાનો આપણામાં સામાન્યતઃ અભાવ છે. વળી વર્ત્તમાનમાં બ્રાહ્મણવાડા આદિ તીર્થોને અંગે, દંતકથાઓનેજ પુષ્ટિ મળતી જાય છે, જેથી ખરી સ્થિતિ અંધકારમાં જ રહેવા પામે છે. આથી જનતાને વીર–વિહારના ખરાં અસલી સ્થાનો સંબંધી, કંઈક માહિતી મળે અને બ્રાહ્મણવાડા આદિ સંબંધી પ્રવર્ત્તમાન મંતવ્યોના સંબંધમાં, કંઇક માર્ગસૂચન થાય એ ઇષ્ટ છે એમ માની, આ નિબંધ એક અલ્પ પ્રયાસરૂપે નમ્રભાવે લખ્યો છે. વિદ્વાનો અને જિજ્ઞાસુઓને આ નિબંધ કંઇક અંશે પણ ઉપયોગી થશે એવી હું આશા રાખું છું.

---

મુક્તિ–પ્રાપ્તિની અશક્યતાને લીધે, વેદાન્તનો સિદ્ધાન્ત સ્વયમેવ અનુપયુક્ત સિદ્ધ થાય છે. વેદાન્તનો બોધ હિતપ્રદ એમ ન કહી શકાય. જે સિદ્ધાન્તથી પરમાત્માનો સાક્ષાત્કાર ન થઈ શકે તે સિદ્ધાન્તનું પ્રરૂપણ જે ધર્મ કરે તે ધર્મ ઇષ્ટ નથી. વેદાન્તના અદ્વૈતમતવાદને પરમાત્માના સાક્ષાત્કાર માટે ઉપયુક્ત સિદ્ધાન્તરૂપ ન જ ગણી શકાય.

વિશ્વને સ્વપ્નરૂપ માનવાથી કોઇને કશોયે ફાયદો નથી થતો. સ્વપ્ન પૂરું થતાં સ્વપ્નનાં પ્રાણીઓનો વિનાશ થાય છે. તેમની મુક્તિ થતી નથી. અદ્વૈતમતવાદનું અનુકરણ કરીને જે મનુષ્યો પરમસુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તેમણે અસ્તિત્વથી નિર્મૂળ થવાને ઉદ્યત થવું જોઇએ એમ ફલીત થાય છે મોક્ષ–પ્રાપ્તિની દૃષ્ટિએ અદ્વૈતમતવાદ સાવ નિરર્થક છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણવાડા એક તીર્થસ્થળ છે એમાં કંઇ શંકા નથી; પણ તેનો મહિમા વધારી દેવા નિમિત્તે, એ અને એની આસપાસનાં તીર્થો આદિના સંબંધમાં, અદ્યાપિ કેટલીક કિંવદન્તિઓ જોડી કાઢવામાં આવી છે, વળી એ કિંવદન્તિઓને ગમે તેમ પુષ્ટિ આપવા માટે, કેટલાક વિશિષ્ટ પ્રયત્નો પણ થયા કરેલ છે.

બ્રાહ્મણવાડા શિરોહીથી પૂર્વમાં ૧૦ માઇલ દૂર આવેલું છે. શિરોહી આબુરોડથી ૨૮ માઇલ થાય છે. સજ્જનરોડ (પીંડવાડા) બ્રાહ્મણવાડાથી પશ્ચિમમાં ચાર માઇલિ દૂર છે. મુંગથલા અને નાણાં આબુરોડથી અનુક્રમે ૪ માઇલ અને ૩૭ માઇલિ દૂર આવેલાં છે. નાંદીયા બનાસ સ્ટેશનથી ૬ માઇલ દૂર થાય છે. આ પ્રમાણે આ સર્વ સ્થળો આબુ પર્વત પાસે એટલે આબુના પ્રદેશમાં જ આવેલાં છે.

કેટલાક પૂર્વ હિન્દમાં આવેલ નંદ અને ઉપનંદના પાડાવાળાં બ્રાહ્મણ-ગામ( વીરપ્રભુનાં એક વિહાર—સ્થળ )ને બ્રાહ્મણવાડા ગણે છે અને એ **ઉપરથી**, શ્રીવીરપ્રભુ મારવાડમાં પધાર્યા હતા એમ કહે છે. કેટલાક આબુ પાસેના મુંડસ્થળ તીર્થ (મુંગથલા) માં શ્રીમહાવીરસ્વામીના એક વિશાલ મંદિરનું ખંડીયેર છે અને એ મંદિર જીવિતસ્વામિના નામથી પ્રસિદ્ધ હોવાનું માનીને, શ્રીવીરપ્રભુ આબુ પ્રદેશમાં પધાર્યા હતા એમ કહે છે. પ્રભુને કર્ણ–કીલોપસર્ગ (કાનમાં ખીલા નંખાવાનો ઉપસર્ગ ) નાંદીયામાં કે તેની પાસે અને ચંડકોશીયા નાગનો ઉપસર્ગ બ્રાહ્મણવાડા કે તેની પાસે થયો હતો એમ માની–મનાવી, પ્રભુ મારવાડ વિગેરેમાં પધાર્યા હતા એમ કેટલાક જણાવે છે. કોઇ વીરપ્રભુના વિહારના પૂર્વ હિન્દમાં આવેલ છમ્માણિ નામે સ્થળને આબુ પર્વત ઉપર આવેલું **સાની** ગામ ગણીને, વીરપ્રભુ મારવાડ પધાર્યા હતા એવાં મંતવ્યનો પુરસ્કાર કરે છે. કેટલાક **કનકખલ** નામે વીરપ્રભુના પૂર્વહિન્દના વિહારમાં આવેલ એક આશ્રમને આબુ ઉપર આવેલ કનખલ તીર્થ માની લે છે અને ત્યાં પણ વીરપ્રભુ પધાર્યા હતા એવો મત વ્યકત કરે છે. કેટલાક **અસ્થિક** ગામ (જ્યાં પ્રભુએ પ્રથમ ચાતુર્માસ કર્યું હતું ) અને કાઠીયાવાડનું **વઢવાણ** એ બન્ને એક હોવાનું માનીને, પ્રભુને શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ વઢવાણ પાસે થયો હતો એમ કહે છે. વળી કેટલાક, શ્રીવીરપ્રભુ ગુજરાત–કાઠિઆવાડ અને મારવાડમાં પધાર્યા હતા એ મંતવ્યનાં સમર્થનમાં, પ્રભુના વિહારનાં પૂર્વ હિન્દનાં અનેક સ્થળો આબુ પર્વત પાસે કે ગુજરાત–કાઠિઆવાડમાં આવેલાં છે એમ પણ માને છે. કોઇ **લાઢ દેશને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતનો એક ભાગ માનીને, શ્રીવીર ભગવાન ગુજરાતમાં પધાર્યા હતા એમ પણ કહે છે. આમ બ્રાહ્મણવાડાઆદિ સંબંધી, અનેક વિચિત્ર મંતવ્યોએ આપણામાં મૂળ ઘાલ્યાં છે.

આથી આપણે એ મંતવ્યોના સંબંધમાં ઉપસ્થિત થતા પ્રત્યેક મુદ્દાનો વિચાર કરીએ. શ્રીવીરપ્રભુએ બીજું ચાતુર્માસ રાજગૃહી પાસે **નાલંદા** નામના પાડામાં કર્યું હતું. પ્રભુ ચાતુર્માસ બાદ, ત્યાંથી ૩–૪ સ્થળોએ થઇ, **ચંપાપુરી** પધાર્યા હતા અને ત્યાં તેમણે ત્રીજું ચાતુર્માસ કર્યું હતું. નાલંદાથી આબુ અને આબુથી ચંપાપુરી સુધીનું સીધું અંતર (છેટું) અનુક્રમે આશરે ૮૦૦ અને ૯૦૦ માઇલ થાય છે. વિહારની દૃષ્ટિએ એ અંતર તેથી ઘણુંએ વિશેષ થઇ જાય. આથી અંતરની દૃષ્ટિએ વિચાર કરતાં પણ પ્રભુ અર્બુદ પ્રદેશમાં પધાર્યા હતા એ સંભવિત જણાતું નથી.

**બ્રાહ્મણગામ** રાજગૃહી અને ચંપાની વચમાં હતું. ભગવાન ત્રીજું ચાતુર્માસ ચંપાપુરીમાં કરવા જતા હતા ત્યારે બ્રાહ્મણગામ પધાર્યા હતા. કયાં ચંપા અને બ્રાહ્મણગામ અને કયાં આબુ અને બ્રાહ્મણવાડા ? શ્રીવીરપ્રભુ બ્રાહ્મણવાડા પધાર્યા હતા અને ત્યાં તેમને ઉપસર્ગ થયો હતો એમ કહેનારાઓ તે સંબંધી કંઈ પણ પ્રમાણ નથી આપતા એ એક ખાસ વિચારણીય પ્રશ્ન છે. પ્રમાણજ ન હોય તો, પ્રમાણ કયાંથી આપી શકે ? તાત્પર્ય એ કે, બ્રાહ્મણગામ અને બ્રાહ્મણવાડા એ બન્ને એક છે એ માન્યતા ન માની શકાય તેવી છે.

'જીવિતસ્વામીનું મંદિર' એ શબ્દો માત્રથી, પ્રભુ **મુંડસ્થલ** પધાર્યા હતા એમ માનવું એ યુક્તિ રહિત છે. એ શબ્દો આજ સુધીમાં અનેકવાર અનેક રીતે વપરાયા છે, પણ એથી જે તે પ્રભુનું મંદિર જે તે પ્રભુની વિદ્યમાનતામાં બંધાયું હતું એમ ઠરતું નથી. આ સંબંધમાં, નિમ્ન દૃષ્ટાંતોથી વાચકોને પ્રતીતિ થઈ શકશેઃ—

१. **सुधाकुण्डजीवितस्वामि श्रीशान्तिनाथः**

२. **जीवन्तस्वामिश्रीऋषभदेवप्रतिमा**

३. **श्रीजीवितस्वामीत्रिभुवनतिलकः श्रीचंद्रप्रभः**

**विविध तीर्थकल्प पृ.** ८५. ( श्री जिनविजयजी संपादित )

જો ' જીવિતસ્વામીનું મંદિર ' કે ' જીવિતસ્વામી ' એ શબ્દોથી અનુક્રમે ' જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પ્રભુની વિદ્યમાનતામાં બંધાયેલું મંદિર ' કે ' જે તે પ્રભુની વિદ્યમાનતામાં તેની પ્રતિષ્ઠિત થયેલી મૂર્ત્તિ ' એવો અર્થ લઈએ તો, ઉપર્યુક્ત ૩ તીર્થંકરોના સંબંધમાં આ અર્થો કેવી રીતે ઘટાવી શકાય ? ઉપર્યુક્ત તીર્થંકરોની વિદ્યમાનતા આજથી લાખો વર્ષો પૂર્વે હતી એટલે મૂર્ત્તિઓનાં નિર્માણ સમયે એ તીર્થંકરોની વિદ્યમાનતા કેમ સંભવે ?

આ સંબંધમાં, નીચેનાં દૃષ્ટાન્તો પણ મહત્ત્વનાં થઈ પડે છેઃ—

૧. સંવત્ ૧૫૨૨ માં પ્રતિષ્ઠિત થયેલી મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामि चंद्रप्रभबिंबं** પૃ. ૭.

૨. સંવત્ ૧૫૦૩ માં પ્રતિષ્ઠિત થયેલ મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीनमिनाथबिंबं** पृ. १६३.

૩. સંવત્ ૧૫૧૬ માં પ્રતિષ્ઠિત થયેલી મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीशान्तिनाथबिंबं** पृ. १९३.

**જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા. ૧ લો**

( સ્વ. બુદ્ધિસાગરસૂરિજીસંગૃહિત )

૪. સંવત્ ૧૫૫૧ માં પ્રતિષ્ઠા કરેલી મૂર્ત્તિ ઉપર

**श्रीअजितनाथजीवितस्वामिबिंबं** पृ. ११२.

૫. સંવત્ ૧૫૧૦ માં પ્રતિષ્ઠા કરેલી મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीशीतलनाथादिजिनचतुर्विंशतिपट्टः** पृ. ११९.

૬. સંવત્ ૧૪૮૧ માં પ્રતિષ્ઠિત થયેલી મૂર્ત્તિ ઉપર

**श्रीजीवितस्वामिश्रीपार्श्वनाथबिंबं** पृ. १५२.

૭. સંવત્ ૧૫૩૧ માં પ્રતિષ્ઠિત થયેલ મૂર્ત્તિ ઉપર

**श्रीजीवितस्वामिश्रीविमलनाथबिंबं** पृ. १५३.

૮. સંવત્ ૧૫૩૬ માં પ્રતિષ્ઠા કરેલ મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीसुमतिनाथबिंबं** पृ. १६६

૯. સંવત ૧૫૦૮ માં પ્રતિષ્ઠિત થયેલી મૂર્ત્તિ ઉપર

**श्रीविमलनाथजीवितस्वामिबिंबं** પૃ. ૧૭૨.

૧૦. સંવત્ ૧૫૧૦ માં પ્રતિષ્ઠા કરેલી મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीशांतिनाथबिंबं** पृ. १७३.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૨ જો.**

( સ્વ. બુદ્ધિસાગરસૂરિજીએ સંગ્રહિત )

૧૧. સંવત્ ૧૫૧૯ માં પ્રતિષ્ઠિત કરેલી મૂર્ત્તિ ઉપર

**जीवितस्वामिश्रीअजितनाथप्रमुखपंचतीर्थीबिंबं** પૃ. ૯૬.

૧૨. સંવત ૧૫૨૦ માં પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિ ઉપર

**श्रीजीवितस्वामिपंच०श्रीनमिनाथबिंबं०** પૃ. १०२.

**પ્રાચીન લેખસંગ્રહ ભા. ૧ લો.**

( સ્વ. ગુરૂદેવ વિજયધર્મસૂરિજીએ સંશોધિત. )

૧૩. સંવત્ ૧૪૨૬ માં પ્રતિષ્ઠિત કરેલ મૂર્ત્તિ ઉપર

**श्रीजीव( वि )तस्वामिश्रीमहावीरचैत्ये** પૃ. १५६.

**પ્રાચીન જૈનલેખસંગ્રહ ભાગ બીજો.**

( શ્રી જિનવિજયજીએ સંપાદિત )

ઉપર્યુક્ત મૂર્તિઓના લેખોની સાલો જોતાં, એ મૂર્ત્તિઓનું નિર્માણ જે તે પ્રભુની વિદ્યમાનતામાં સ્વપ્ને પણ સંભવિત નથી. એ દીવા જેવું સ્પષ્ટ છે. આથી મુંડસ્થલ તીર્થનું મંદિર જીવિતસ્વામીનું મંદિર હોવાનું કહીને, જેઓ વીર પ્રભુ આબુ પ્રદેશમાં પધાર્યા હતા એમ કહે છે તેમનું કથન સર્વથા અસમંજસ છે *

શ્રીવીરપ્રભુને કીલોપસર્ગ અને ચંડકોશીયા નાગનો ઉપસર્ગ અનુક્રમે નાંદીયા અને બ્રાહ્મણવાડામાં કે તેની પાસે થયો હતો એ મંતવ્ય સત્ય નથી. પ્રભુને કીલોપસર્ગ **છમ્માણિ** પાસે અને ચંડકોશીયા નાગનો ઉપસર્ગ કનકખલ આશ્રમની સમીપમાં થયો હતો. **છમ્માણિ** પૂર્વ હિન્દમાં હતું. એ આબુનું સાની નથી. કનકખલ આશ્રમ એ કંઈ આબુ ઉપરનું કનખલ નામક તીર્થ નથી. એ આશ્રમ પૂર્વ હિન્દનો એક સુપ્રસિદ્ધ આશ્રમ હતો. ભગવાન પ્રથમ ચાતુર્માસ બાદ, **શ્વેતામ્બી** જતા હતા ત્યારે તેમના વિહારમાં એ આશ્રમ આવ્યો હતો. કેટલાક આ આશ્રમની નાંદીયા ગામ સાથે સરખામણી કરે છે એ તો વિચિત્રતાની પરાકાષ્ઠારૂપ છે. કનકખલ આશ્રમ આબુ ઉપર હોવાનું કેટલાકનું મંતવ્ય કેમ માની શકાય ?

---

* નાણા, દીયાણા અને નાંદીયા આ ત્રણ ગામોમાં જીવિતસ્વામીનાં મંદિરો છે એવી માન્યતા કેવી છે એ આ ઉપરથી સમજી શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કનકખલ આશ્રમ શ્વેતામ્બી જતાં આવે છે. પ્રભુ એ આશ્રમથી શ્વેતામ્બી અને ત્યાંથી **સાવત્થી** ગયા હતા. કનકખલ આશ્રમ શ્વેતામ્બીની પાસે હતો એમ નિમ્ન પ્રમાણથી જાણી શકાય છે:—

**तस्स य अदूरे सेयविया नाम नागरी,**

**आवश्यकचूर्णि, पूर्वभाग पृ. २७८**

શ્વેતામ્બી કોશલ દેશમાં **સાવત્થી** પાસે હતી, એમ ચીની યાત્રિક **હુએનશાંગે સાવત્થીનું** વર્ણન કરતાં કહ્યું છે. શ્વેતામ્બી સાવત્થીની પાસે હતી. એમ આવશ્યકચૂર્ણિ, રાયપસેણી સૂત્ર આદિ ઉપરથી પણ સ્પષ્ટ જણાય છે.+ શ્વેમ્બી અસ્થિગામ અને રાજગૃહીની વચ્ચે પણ હતી. તે **આલભિકા** અને **સાવત્થી** વચ્ચે પણ હતી. બૌદ્ધો પણ શ્વેતામ્બી સાવત્થી અને **કપિલવસ્તુની** વચમાં આવેલ હતી એમ માને છે. (જુઓ. બુદ્ધચર્ય્યા પૃ. ૬૧૧). શ્વેતામ્બી પાસે આવેલ કનકખલ આશ્રમ આબુનું કનખલ તીર્થ કેવી રીતે સંભવી શકે એ કલ્પનાતીત થઇ પડે છે. ( અપૂર્ણ )

---

\+ **सेतव्य—टूवीइ**

**—फाहियान** (काशी–नागरी प्रचारिणी सभा से प्रकाशित) पृ. ४६.

**सेतव्य**-**श्रावस्ती** से. ९ मील पर '**टंडवा**' नामक गाँव । **फाहियान**, पृ. ४६ नोट.

**Setavya**-To-Wai of FaHian. It has been identified by Prof. Rhys Davids with Satiabia ( Indian Buddhism, p. 72; ) Spence Hardy's Manual of Buddhism, Pp. 88, 347. ) Mr. Vost identifies it with Basedila, 17 miles from Sahet-Mahet ( J. R. **A.** S. 1903, P. 513. )

De's Geographical Dictionary of Ancient and Mediaval India, 2nd edition ( 1927 ). P. 184.

**સેતવ્ય**—ફાહીયાનનું ટૂવીઇ. પ્રો. હીજ ડેવિડ્ઝે **સેતવ્ય** અને **સતીયાબીયાને** એક માનેલ છે. મી. વૉસ્ટ તેને **સહેત-મહેત**( સાવત્થી )થી ૧૭ માઇલ દૂર આવેલ **બસેદીલા** સાથે સરખાવે છે. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમપૂજ્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી

( આત્મારામજી )

# મહારાજની જન્મ શતાબ્દિ.



## વડોદરા શ્રી જૈનસંઘ તરફથી અપૂર્વ ઉત્સાહ સાથે ઉજવાયેલ ગુરૂ ભકિતનો મહોત્સવ

## સફળ થયેલ શતાબ્દિ.

**ચાર દિવસ સુધી અપૂર્વ ઉત્સાહ સાથે વડોદરાવાસીઓનો હાર્દિક આવકાર અને સ્વાગત.**

**સ્થળેસ્થળના આગેવાનોએ શતાબ્દિ મહોત્સવને આપેલ સહકાર, પંજાબી ગુરૂભકતોનો અનુપમ ઉત્સાહ અને શ્રી વિજયાનંદસૂરીશ્વરજી અમર સ્મારકની સુંદર યોજના.**

---

પરમકૃપાળુ શ્રી **આત્મારામજી** મહારાજના પટ્ટધર શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની બે વર્ષ ઉપર પાલનપુરના ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દિ ઉજવવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ આકાંક્ષા, પ્રવર્તકજીમહારાજ શ્રી **કાન્તિવિજયજી** મહારાજ તથા શાંતમૂર્તિ શ્રી **હંસવિજયજી** મહારાજને જણાવતાં ત્રણે મહાપુરૂષો એકમત થતાં, તે દરમ્યાન આ સભાના સેક્રેટરી ગાંધી **વલ્લભદાસ ત્રિભુવનદાસ** તથા રા. ( સુશીલ ) **ભીમજીભાઇ હરજીવનદાસ**ને પાલનપુર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે ગુરૂરાજની જન્મ શતાબ્દિ ઉજવવા સંબંધી વિચારો જણાવવા અને શું શું કરવું જોઈએ તેની મંત્રણા, તેઓશ્રીના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **ચરણવિજયજી** મહારાજની સાથે મળી કરવા બોલાવ્યા. પ્રથમ જીવનચરિત્ર સુંદર લખી છપાવવું, સ્મારક અંકની યોજના કરવી અને સ્થળ પાટણ વગેરે નક્કી થયું, સાથે શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ઇચ્છા આ શતાબ્દિના સ્મારક તરીકે સીરીઝ શરૂ કરવાની થતાં મુનિરાજશ્રી ચરણવિજયજી મહારાજે તે કાર્ય ગુરૂરાજની આજ્ઞા પ્રમાણે સંશોધન વગેરેનું કાર્ય પોતાના હાથમાં લીધું અને તે પ્રગટ કરવાનું કાર્ય શ્રી જૈન આત્માનંદસભા ભાવનગરને સુપ્રત કરવાનું માન આપ્યું, જેથી આ માસિકના ટાઈટલ ઉપર જણાવ્યા પ્રમાણે ગ્રંથો પ્રકટ થાય છે અને જૈન ધર્મનું પ્રાચીન સાહિત્ય અણુખેડયું છે તેને વિશેષ પ્રમાણમાં આ સ્મારકની સીરીઝ તરીકે પ્રગટ કરવા નિર્ણય થયો. કોઇ ભવિતવ્યતાના યોગે પાટણને બદલે વડોદરા ટુંકા દિવસમાં શતાબ્દિ ઉજવવાનું નક્કી થયું છતાં પાટણના શ્રી સંઘે પણ ગુરૂભક્તિનો આ લાભ જતો ન કરવા પ્રવર્તક શ્રી **કાન્તિવિજયજી** મહારાજના પ્રમુખપણા નીચે ચૈત્ર શુદ ૧-૨ થી ચૈત્ર શુદ ૫ ચાર દિવસ ત્યાંના શ્રી સંઘના અપૂર્વ ઉત્સાહ સાથે જન્મ શતાબ્દિ મહોત્સવ ઉજવાયો. વડોદરા ફાગણ વદી ૧૩ થી ચૈત્ર શુદ ૧-૨ સુધી ચાર દિવસનો પ્રોગ્રામ હતો જેની વિસ્તારથી હકીકત તે જ દિવસોમાં દૈનિક પેપરોમાં આવેલ હોવાથી તેમજ વિશેષ હકીકત સુપ્રસિદ્ધ " જૈન " પત્રે હાલમાં પ્રગટ કરેલ હોવાથી અહિં માત્ર સંક્ષિપ્તથી નીચે પ્રમાણે આપવામાં આવે છે.

## કાર્યનો આરંભ

શનિવારના સૂર્યકિરણોએ વડોદરામાં વિશાળ મંડપને સોનેરી બનાવ્યો. પ્રતાપવિજય થીએટર આગળનું વિશાળ ચોગાન આ મંડપે રોકી લીધું હતું. શતાબ્દિનાયક શ્રી વિજયાનંદસૂરિજી, આ. વિજયવલ્લભસુરિજી, પ્ર. શ્રી કાન્તિવિજયજી મુનિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ મહાન પુરૂષોના ફોટા, ધ્વજપતાકા અને અન્ય વિવિધ ચિત્રોએ મંડપને વધુ શોભાયમાન બનાવ્યો હતો. સાડાઆઠ વાગતાં જ વિશાળ મંડપ માનવ મેદનીથી ભરાઇ ગયો.

આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજી, ઉપાધ્યાય શ્રી લલિતવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી લાભવિજયજી મહારાજ, પં. શ્રી પ્રેમવિજયજી મહારાજ, પં. શ્રી પ્રીતિવિજયજી મહારાજ, પં. શ્રી કસ્તુરવિજયજી, મુનિ શ્રી મિત્રવિજયજી, મુનિશ્રી સમુદ્રવિજયજી, મુનિ શ્રી ચરણવિજયજી, મુનિશ્રી વિકાસવિજયજી, મુનિ શ્રી વીરવિજયજી આદિ વિશાળ સાધુ સમુદાય, છેક પંજાબથી સતત વિહાર કરીને આ પ્રસંગે પધારેલ સાધ્વીશ્રી માણેકશ્રીજી, ગુજરાતના શ્રી હેમશ્રીજી, દાનશ્રીજી આદિ સાધ્વીઓનો મોટો સમુદાય, પંજાબ, મારવાડ, મહારાષ્ટ્ર, ગુજરાત, મુંબઇ, કાઠિયાવાડ અને પૂર્વદેશના આવેલ અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સ્થાનિક ઓફીસરો તથા વેપારીઓ અને બ્હેનોની ત્રણ હજાર માનવ-મેદનીથી મંડપ ભરાઇ ગયો.

પંજાબ **જૈન** ગુરૂકુળે બેન્ડના વિજય **નાદથી** કાર્યનો આરંભ કર્યો. સૂરિજીએ **પ્રથમશ્રી** "નવકાર" મંત્રનું મંગળ-સૂત્ર **સં**ભળાવી **અને** આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજે પ્રમુખસ્થાન ઉપર બિરાજમાન થયા અને **જૈન** મહિલા મંડળ વડોદરા તથા **શ્રી** કાન્તિલાલ ઝવેરીએ ગુરૂ--સ્તવના કરી. બાદ સંઘપતિ શેઠ અમથાભાઇ ગાંધીએ પોતાનું સ્વાગતનુ ભાષણ વાંચી સંભળાવ્યું અને શતાબ્દિ **સ**મિતિના મંત્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય મંત્રીનું નિવેદન રજુ કર્યું. બાદ શુભેચ્છાના સંદેશાઓ વાંચી સંભળાવ્યા **હતા.**



**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.**

## શુભેચ્છાના સંદેશાઓ

જુદા **જુદા શહેરો**માંથી મુનિરાજો તથા જૈન બંધુઓના સંદેશાઓ ચારે **દિવસ** આવતા હતા જે શરૂઆતમાં વાંચવામાં આવતા હતા.

ત્યારબાદ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓએ " **કોઈ ઇન્સાન નહિ થા, એ તો દેવ થા** " નું, પંજાબ જૈન આરતી મંડળે ગુરૂભજન, અને પંજાબી યુવક **શ્રી** જ્ઞાનચંદજીએ "પીળી ચાદર કો ઓઢનેવાલે" નું ઝમકદાર કાવ્ય રજુ **કરી સભાને ગુરૂ-ભક્તિમાં** તરબોળ કરી હતી.

## જ્યાં જૈન-ધર્મનું નામનિશાન ન હતુ:—

ત્યારબાદ ઉપાધ્યાયશ્રી **લલિતવિજયજી** મહારાજે હિન્દીમાં જણાવ્યું કે શતાબ્દિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાયકના ચરિત્રમાંથી સેંકડો નહિ પરંતુ હજારો વાતો કરવા જેવી છે. આજે ગીતાજી માનનાર ૨૨ કરોડ છે, તેઓ કહે છે કે–" यदा यदा हि धर्मस्य... ..." જૈન સમાજમાં જ્યારે જ્યારે કોઇ મહાન પુરૂષની જરૂર પડે છે ત્યારે એકાએક મળી આવે છે. શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિજી, શ્રી યશોવિજયજી જેવા મહાત્માઓ આપણને સમયે સમયે સાંપડયા છે. આજથી સો વર્ષ પહેલા જ્યારે પંજાબને એક મહાત્માની અગત્ય હતી ત્યારે શ્રી ગુરૂદેવનો જન્મ થયો.

મારો જન્મ પંજાબમાં થયો છે. એ ગુરૂદેવની સાથે ઘુમીને મેં જે કંઈ જાણ્યું છે તેમાંથી થોડો નિર્દેશ અત્રે કરીશ. એક સત્ય ગુરૂ તરીકે તેઓ જીવ્યા હતા, એક સત્ય ધર્મ પ્રચારક તરીકે તેઓ અનેક સંકટના માર્ગો વચ્ચેથી પસાર થઇ સફળતા મેળવી શકયા હતા. વગેરે હકીકત રજુ કરી હતી.

આવી અનેક મુશ્કેલીઓ વચ્ચે તેઓશ્રીએ પંજાબમાં જૈન ધર્મનો પ્રચાર કર્યો, જેનું ફળ આજે મંડપમાં આ મહોત્સવ નિમિત્તે દૂર-દૂરથી સેંકડોની સંખ્યામાં આવેલ પંજાબીઓ બતાવે છે.

બાદ મુનિશ્રી **ચરણવિજયજી મહારાજે** જણાવ્યું કે આજનો આ પ્રસંગ જોઇને મારી છાતી ગજગજ ઉછળે છે.

એક સો વર્ષ પહેલાં કોને સમજ હતી કે ઘટતી સમાજ, અંધકારનું પ્રાબલ્ય અને વ્હેમોના ખરાબે ચઢેલી જૈન નૈયાને કોઇ વીર સુકાની મળી આવશે ?

ચોવીશ તીર્થંકરો ક્ષત્રીય હતા તેમ આ મહાત્માનો જન્મ પંજાબના એક નાના ગામડામાં શીખ-ક્ષત્રીય કુટુંબમાં થયો હતો. તેમના વડીલ ધાડપાડુનો ધંધો કરતા હતા ત્યારે આ મહાત્માએ એક વીર તરીકે જીવી બતાવ્યું. જૈન ધર્મ કોઇ વ્યક્તિ કે સંપ્રદાયનો ધર્મ નથી, દરેક આત્મા એનો અધિકારી છે, જ્યારે આજે વાડાબંધી કરીને બેઠા છીએ એ આપણી શાહુકારી છે. આત્મારામજી મહારાજે કોઈ બંધન ન સ્વીકારતાં સત્ય અને નીડરતાનો માર્ગ લીધો. સ્થાનકવાસી સંપ્રદાયમાં તેઓએ દીક્ષા લીધી. એક દિવસમાં સાડાત્રણસો શ્લોકો કંઠાગ્ર કરી ટૂંક સમયમાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને શાસ્ત્રોની ચાવીરૂપ જે વ્યાકરણ મનાય છે તે વ્યાકરણનો સારી રીતે અભ્યાસ કર્યો. અન્ય દર્શનોનો તુલનાત્મક અભ્યાસ કર્યો અને પરિણામે સ્થાનકવાસી સંપ્રદાય તેમને બંધનરૂપ લાગ્યો, એમ છતાં સામુદાયિક પદ્ધતિએ ધીમે ધીમે એ વસ્તુને વ્યાપક રૂપમાં મૂકી પોતાના હૃદયનો માર્ગ સ્વીકાર્યો.

## શતાબ્દિ શા માટે ?

દરેક સંપ્રદાયમાં પોતાના મહાન પુરૂષની શતાબ્દિ ઉજવાય છે, તેમ જૈન સમાજ આ શતાબ્દિ ઉજવે એ માટે પંજાબના સંઘે પ્રાર્થના કરી. પાલનપુરમાં આ પ્રાર્થના માન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી. આ ઉત્સવ પંજાબમાં ઉજવાય એવો પંજાબીઓનો આગ્રહ હતો, પરંતુ સાધુ-સંમેલન આદિ કારણોને અંગે ત્યાં પહોંચવાનો સમય ન રહ્યો. મુંબઇ ગયા અને મુંબઇમાં આ ઉત્સવ ઉજવવાનો આગ્રહ થયો. આચાર્યશ્રીના હસ્તદીક્ષિત ૮૬ વર્ષના વયોવૃદ્ધ પ્રવર્તક શ્રી **કાન્તિવિજયજી** મહારાજની આજ્ઞા અને નેતૃત્વ નીચે પાટણમાં આ ઉત્સવ ઉજવાય એ ભાવનાથી મુંબઇનો કાર્યક્રમ બંધ રહ્યો. આખરે જ્યાં મનમેળ ન હોય ત્યાં આવો ઉત્સવ ન શોભે તે વિચારથી વડોદરાના સંઘના હાર્દિક આગ્રહને માન આપી ઉત્સવનું સ્થાન અત્રે નક્કી કરવામાં આવ્યું છે.

માત્ર ચાર દિવસની તાળીઓથી નહિ, પરંતુ એ સદ્ગત આત્માને સક્રિય અંજલી અર્પવાની ભાવનાથી આ ઉત્સવ સફળ નીવડે એ સૌ કોઇની ભાવના રહો એ જ પ્રાર્થના.

**ઉપસંહાર**

આખરે આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરિજી**એ ઉપસંહાર કરતાં જણાવ્યું કે આજે તો મહોત્સવનો આરંભ થાય છે, એટલે હું ઉપસંહાર નહી કરતાં મંગળાચરણ જ કરીશ. શતાબ્દિનું મૂળ પંજાબ અને ગુજરાતમાં આ ઉત્સવ ઉજવાય છે એમ છતાં પંજાબીઓની આજના મંડપમાં મોટી હાજરી તેમની ઉચ્ચ ભાવનાની ખાત્રી આપે છે. ત્યારબાદ શતાબ્દિનાયકને અંગે કેટલુંક વિવેચન કરી આંતર-વ્યવસ્થાને અંગે જણાવ્યું કે વડોદરાના ભાઈઓએ માત્ર પંદર દિવસમાં આ કાર્ય કર્યું છે. ટૂંક સમયમાં માર્ગ સરળ કરવામાં તેઓને મુસ્કેલીઓ પડી હશે. એમ છતાં બહારગામના ભાઇઓને કોઇ અગવડ હોય તો તે આમભાવે નિભાવી લે. ૧૫૦૦ માણસો પંજાબથી આવ્યા છે અને ૫૦૦ આવવાનો સંભવ છે. આપણાં સાધનો સંકુચિત હોય તો સરકાર તરફથી સહાનુભૂતિ અને ઉદારતાનો લાભ મેળવવા દિવાનસાહેબ શ્રી મણીલાલભાઇ નાણાવટી યોગ્ય કરે તેવી મારી સૂચના છે.

છેવટ અંબાલા જૈન બેન્ડે વિદાયનો સૂર સંભળાવી સભા વિસર્જન કરી હતી.

**વ્યાયામના પ્રયોગો**

બપોરના આજ મંડપમાં જાહેર સભા મળતાં શ્રી મોહનલાલ ડી. ચોકશીની દરખાસ્ત અને શેઠ હરિલાલ દેવચંદના અનુમોદનથી શ્રીયુત **ગુલાબચંદજી ઢઢ્ઢા** એમ. એ. એ સભાનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. કાર્યના આરંભમાં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય-વરકાણા અને શ્રી ઉમેદપુર જૈન બાલાશ્રમના વિદ્યાર્થીઓએ ગુરૂ-ગુણ ભજનો, અને સ્ત્રી કેળવણી જૈન ધર્મની પ્રાચીનતા આદિ વિષયક હિન્દી અને ઇંગ્લીશમાં વક્તવ્યો રજુ કર્યા હતા. ત્યારબાદ સ્થાનિક શ્રી વીરવ્યાયામ મંડળ તરફથી વ્યાયામના પ્રયોગો શરૂ કરવામાં આવતાં, પીરામીડ પછી, સંસ્થાના આત્મા શ્રી નટવરલાલે શરીરના જુદા જુદા ભાગોની મદદથી લોખંડના જાડા-પાતળા સળીયાઓ વાળી બતાવવાનું, સાડાત્રણ મણ વજન દાંતથી ઉપાડવાનું અને છાતી પર ગાડું હાંકવાનું તેમજ ૨૫ મણ વજન મૂકવાનું વગેરે અદ્ભુત પ્રયોગો કરી બતાવી સભાને દિગ્મૂઢ બનાવી હતી બાદ એ જ વ્યાયામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડળના બાળકોએ બીજા પ્રયોગો કરી બતાવ્યા હતા. પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં વ્યાયામની ઊપયોગિતા, **જૈન સમાજે** તે અપનાવવાની જરૂર અને કાર્ય કરનારાઓને અભિનંદન આપતું વિવેચન કર્યું હતું.

આ પ્રસંગે અદ્‌ભુત પ્રયોગો કરનાર શ્રી નટવરલાલને મુંબઈના શેઠ ફૂલચંદ શામજી તથા બીજા બે ગૃહસ્થો તરફથી પદકો અર્પણ કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

**જૈન ચિત્રકળા સાહિત્ય પ્રદર્શન.**

આ શતાબ્દિ મહોત્સવ સમયે અત્રે નરસિંહજીની પોળમાં આવેલ શ્રી આત્માનંદ જૈન જ્ઞાનમંદિરમાં પ્રાચીન જૈન સાહિત્ય અને ચિત્રકળાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જે ખુલ્લું મુકવાનો સમારંભ સાંજના પાંચ વાગે રાખવામાં આવ્યો હતો.

સમય થતાં સમારંભના પ્રમુખ ના. દિવાનબહાદુર વી. ટી. **કૃષ્ણમાચારી**, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી આદિ મુનિમંડળ પધારતાં જૈન બેન્ડે તેઓનો સત્કાર કર્યા બાદ બાળાઓએ સ્વાગતનું ગીત સંભળાવ્યું અને પ્રદર્શન વિભાગના પ્રમુખ શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્યે સાહિત્ય પ્રદર્શનનો ખ્યાલ આપતું સ્વાગતનું વ્યાખ્યાન વાંચી સંભળાવ્યું.

ત્યારબાદ પ્રદર્શન ગોઠવવામાં ઊત્સાહભર્યો ભાગ લેનાર પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીએ સમયોચિત વ્યાખ્યાન આપ્યું હતું.

ત્યારબાદ ડો. ત્રિભોવનદાસ લહેરચંદે પોતાનો તૈયાર કરેલ શ્રી પ્રાચીન ભારતવર્ષનો ભા. ૨ જો આ પ્રસંગે સ્વ. સૂરિજીને સમર્પણ કરવા માટે રજુ કર્યો હતો. બાદ અર્પણ પત્રિકા વાંચી સંભળાવી હતી, અને ગ્રંથ ના. દિવાન સાહેબને સોંપવામાં આવતા તેઓએ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીને અર્પણ કર્યો હતો

ત્યારબાદ વાડીલાલ મગનલાલ વૈદે ના. દિવાનસાહેબને પ્રદશન ખુલ્લું મૂકવાની વિનંતિ કરી હતી.

છેવટ પ્રમુખશ્રીએ પ્રાસંગિક વિવેચન કર્યાબાદ પ્રદર્શન ખુલ્લું મુકયાનું જાહેર કર્યુ હતું.

છેવટ શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. એ ના. દિવાન સાહેબે લીધેલી તકલીફ બદલ આભાર માન્યો હતો.

ત્યારબાદ ના. દિવાન સાહેબે પ્રદર્શન વિભાગનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ ના. દિવાન સાહેબને પ્રાચીન સાહિત્યની કેટલીક માહિતી આપી હતી. અને ના. સરકારના વિદ્યાપ્રેમ માટે મંત્રીએ આભાર માન્યો હતો. વધુમાં સ્થાનિક કોલેજમાં અર્ધમાગધી દાખલ કરવા વિનંતિ કરી હતી. બાદ મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

**અઠ્ઠાઇ મહોત્સવ**

શતાબ્દિને અંગે અત્રેના ચોટાઓએ શ્રી આદિનાથના મંદિરે જયાં શ્રી આત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં ફા. વ. ૧૨ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરવામાં આવેલ અને પ્રતિદિન વિવિધ પૂજાઓ ખાસ ગવૈયાને રોકીને ભણાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## ઉત્સાહ વધતો આવે છે : દિવસ બીજો.

**ફા. વ. ૧૪** **તા. ૨૨-૩-૩૬**

ગઇકાલ કરતાં આજનો કાર્યક્રમ વધુ ઉત્સાહભર્યો હતો. આ પ્રસંગે ગુજરાનવાલા (પંજાબ)થી આવેલ જૈન સ્પેશીયલના યાત્રિકોનું પ્રભાતે સ્વાગત કરવામાં આવ્યું.

આરંભમાં સભાનું પ્રમુખસ્થાન વડોદરા સ્ટેટના પ્રાચીન સંશોધનખાતાના અધિકારી શ્રી હીરાનંદ શાસ્ત્રીને સોંપવામાં આવ્યા બાદ શ્રી હોશીયારપુર (પંજાબ)ની ભજન મંડળીને ગુરૂ-ભજન ઘણાં આકર્ષક ધ્વનીએ રજુ કર્યું. બાદ આવેલ સંદેશાઓ શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્યે વાંચી સંભળાવ્યા હતા.

### પાટણનું આમંત્રણ

ત્યારબાદ અત્ર એકત્ર થએલા જૈન વિદ્વાનો, પંજાબીઓ અને શતાબ્દિ-પ્રેમીઓને પાટણ પધારવા માટે ત્યાંથી ખાસ આવેલ શ્રી કુલચંદ હરિચંદ દોશીએ સૌને આમંત્રણ આપ્યું હતું.

જે સ્થાનમાં આજે શતાબ્દિ મહોત્સવ ઉજવાય છે ત્યાં એકે જૈન શિક્ષણ સંસ્થા નથી. આચાર્યશ્રી અત્ર બીરાજમાન છે. વડોદરાનો સંઘ પ્રયાસ કરે અને સૂરીશ્વરજી પ્રેરણા કરે તો આ ઉત્સવના ખરા સ્મારક તરીકે એક જૈન-શિક્ષણ સંસ્થા અત્રે ખોલવાની અગત્ય છે.

ત્યારબાદ પંડિત હંસરાજજી, પંડિત સુખલાલજી, ડોકટર હીરાનંદજી, મુસ્લીમ જૈન વગેરેના ભાષણો થયા હતા જે અન્ય સ્થળે આવી ગયા છે.

## શતાબ્દિ ફંડની સભા:—

બપોરના ત્રણ વાગે શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ફંડ સમિતિની મીટીંગ મળતાં, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીને નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું, અને શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્યની દરખાસ્તથી શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કાર્યના આરંભમાં ફંડ સમિતિના મંત્રી શ્રી મગનલાલ મુળચંદ શાહે આજ સુધીનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો, જેનો સાર એ હતો કે:—

ગત ફા. શુ. ૧૪ ના આ. શ્રી વિજયવલ્લભસૂરિજીના પ્રમુખપણા નીચે મુંબઇમાં સભા મળતાં મુનિ શ્રી ચરણવિજયજી મહારાજના નિવેદન અને સૂરિજીની પ્રેરણાથી સદ્ગતની શતાબ્દિનું સ્મરણ કાયમ રાખવાના ઉદ્દેશથી શ્રી આત્માનંદ જન્મ-શતાબ્દિ સ્મારક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમિતિની સ્થાપના કરવામાં આવી અને સૌ કોઇ તેનો લાભ લઇ શકે તે માટે રૂા. ૧૦૧ અને એ કરતાં ગમે તેટલી ઓછી રકમ આ ફંડમાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો અને સમસ્ત હિન્દનું ફંડ એકત્ર કરવાનું ઠરાવ્યું. ત્યારબાદ આજ સુધીમાં સૂરિજીના પ્રયાસથી જુદા જુદા સ્થાનોનું ફંડ શરૂ થયું અને રૂા. ૨૭૪૭૪ા વસુલ થયા, જેમાં ૩૩૨ ગૃહસ્થોએ ૧૦૧ ભર્યા છે. આ સિવાય જે ફાળો નોંધાયો છે તેનો એકંદર સરવાળો ૪૦ થી ૪૫ હજાર થશે એમ જણાય છે.

ફંડમાંથી શ્રી શતાબ્દિ સ્મારક અંક તૈયાર થઇ રહ્યો છે અને બાકીની રકમમાંથી જૈન સાહિત્યનું પ્રકાશન ઇત્યાદિ કાર્યો કરવાના રહે છે.

સારોએ વૃત્તાંત વંચાઇ રહેવા બાદ, ઓડીટ કરાવવાની નોંધ લેવરાવી તે પસાર કરવામાં આવ્યો હતો; અને અત્રે સ્મારક–સમિતિનું કામ પૂર્ણ થતું હતું.

ત્યારબાદ ભાવી યોજનાને અંગે પં. સુંદરલાલજીએ સસ્તા સાહિત્યની યોજના રજુ કરી હતી, જ્યારે **શ્રી મોતીચંદ ગિરધર** કાપડીયાએ જણાવ્યું હતું કે:—

( ૧ ) હિન્દના મધ્ય વિભાગમાં એક જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી તૈયાર કરવી કે જેમાં દરેક જાતનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળી શકે અને જૈન ધર્મના અભ્યાસકોને એ દરેક જાતનું સાહિત્ય પૂરૂં પાડે.

( ૨ ) એક સ્કોલરને યુનીવરસીટીમાં નિયુક્ત કરવો, જે જૈન દર્શન કે ઇતિહાસનો વર્ષભર અભ્યાસ કરે, અને વર્ષ આખરે પોતાના અભ્યાસનું પરિણામ પ્રનામી ભાષણ તૈયાર કરીને જાહેરમાં મુકે. આ ભાષણ હિન્દના મુખ્ય મુખ્ય ભાગોમાં આપવામાં આવે અને તે પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવે.

( ૩ ) પ્રાચીન જૈન શિલ્પકળાનો સંગ્રહ કરી મ્યુઝીયમ ખુલ્લું મૂકવું.

ત્યારબાદ **શ્રી મૂળચંદ આશારામ** વૈરાટીએ જણાવ્યું કે આ પ્રસંગે મને એક યોજના સ્ફુરે છે અને તે એ કે પૂજ્ય સાધુ સાધ્વીઓના અભ્યાસ માટે એક પાઠશાળાની સ્થાપના કરવી.

ત્યારબાદ **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે** જણાવ્યું કે ફંડની વ્યવસ્થા માટે જુદી જુદી યોજના રજુ કરવામાં આવી છે. જે મહાત્માને અંગે આ ફંડ એકત્ર કરવામાં આવ્યું છે તે જ મહાત્માના ગ્રંથો આજે મળતા નથી. તે દરેક જુદી જુદી ભાષામાં પ્રગટ થવા જોઇએ. અજ્ઞાનતિમિરભાસ્કર, જૈન તત્ત્વાદર્શ, નવતત્વ વગેરે ગ્રંથો જૈન સમાજને જ નહિ પરંતુ જૈનેતર સમાજને અભ્યાસ કરવા જેવાં છે. નવ તત્ત્વનો ગ્રંથ તો તેઓશ્રીએ એટલો સુંદર બનાવ્યો છે કે જો તેનું ભાષાંતર કરીને પાઠશાળાઓ આદિ સ્થાને બને તેટલી સસ્તી સારી કિંમતે આપવામાં આવે તો તેનો સારો લાભ લઇ શકાય. સારી રકમ ન થાય ત્યાં સુધી ઉપરોક્ત પ્રકાશન કરવું અને સારી રકમ થયે બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોજનાઓનો વિચાર કરવો આ નિવેદનને અમદાવાદવાળા શ્રી ભોગીલાલભાઇએ ટેકો આપ્યો હતો.

બાદ પ્રમુખશ્રીએ જણાવ્યું કે જુદી જુદી યોજના અત્ર રજુ કરવામાં આવી છે. દરેક યોજના સુંદર છે અને તે દરેક પાર પાડે તો કહેવાનું જ શું હોય ? પરંતુ જે ઉદ્દેશથી આ ફંડ એકત્ર કરવામાં આવ્યું છે તે ઉદ્દેશ સૂરિજીના ગ્રંથોનો પ્રચાર કરવામાં અને એમનું સાહિત્ય પ્રગટ કરવાનો છે. આ દરેક યોજના આચાર્યશ્રીને સોંપવામાં આવે છે. તેઓ તેમાંનો યોગ્ય માર્ગ બતાવે.

બાદ સૂરિજીએ જણાવ્યું કે દરેક યોજના મેં સાંભળી. સૌ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સમજે છે. વધુ ભણેલ વધુ વાતો કરે, ઓછું ભણેલ ઓછી.

મારો અનુભવ એવો છે કે જ્યારે કોઈ વાત આપણે હાથમાં લઇએ છીએ ત્યારે પૂરતો ઉત્સાહ બતાવવામાં આવે છે પરંતુ પાછળથી એ ઉત્સાહ રહેતો નથી.

દર વર્ષે લાખોના ખર્ચનો સરવાળો થાય છે. પરંતુ એ સરવાળાનો અર્થ કંઇ દેખાતો નથી. અમારી નૈયા આજે ક્યાં અટકી છે તે સમજાતું નથી અને કોઇને સમજાય છે તો જીવનમાં ઉતરતું નથી.

પહેલી જૈન-ચેરની યોજના સારી છે, પરંતુ એટલું આપણું ક્ષેત્ર નથી. લોકોને વિશ્વાસમાં લઇ શકાય તેવી રીતે જો આ ફંડનો ઉપયોગ કરવામાં આવે તો ઠીક છે. સસ્તી કિંમતનું સાહિત્ય પ્રચારવામાં આવે તે જરૂરી છે. સસ્તા સાહિત્યનો મુંબઇમાં વિચાર કર્યો ત્યાં પંજાબે માત્ર દોઢ માસના ગાળામાં જૈન તત્ત્વાદર્શ આઠ આનામાં જનતાને આપી પોતાની ખરી ભક્તિ પૂરવાર કરી આપી છે. દર સાલ કંઇ ને કંઇ કામ કરી બતાવવામાં આવે એવો મારો વિચાર છે. મહાવીર ચરિત્રની યોજના પણ વિચારવા જેવી છે. અમારી ફરજ તો ઉપદેશ દેવાની છે.

ત્યારબાદ પ્રમુખશ્રીએ જણાવ્યું કે મીટીંગનો અભિપ્રાય જોતાં સૂરિજીનું સાહિત્ય પ્રગટ કરવું વગેરે જે ઉદ્દેશો છે તે કાયમ રાખવા જોઇએ. તેના ફેરફારનો વિચાર કરવાનો રહેતો નથી.

બાદ મુનિ ચરણવિજયજી મહારાજે જણાવ્યું કે જ્યારે ફંડ શરૂ કર્યું ત્યારે ઉદ્દેશ નક્કી કર્યો છે. હવે આપણને વધુ વિચાર કરવાનું રહેતું નથી, તો વધારે સારૂં એ છે કે જુની કમીટી રદ થતાં તેનું કામ ટ્રસ્ટી-મંડળ નિયુક્ત કરી તેને સોંપવામાં આવે અને સૂરિજીની આજ્ઞા પ્રમાણે કાર્યની શરૂઆત કરવામાં આવે.

અત્રે સમય થઇ જવાથી વધુ વિચારણા રાત્રી પર મુલતવી રાખવામાં આવી હતી.

રાત્રે દસ કલાકે સભા પુન : એકત્ર થતાં, ફંડની વ્યવસ્થાપકોની યોજના વિચારવામાં આવતાં એક ટ્રસ્ટીમંડળ નિયુક્ત કરી તેને ફંડ સોંપવાની દરખાસ્ત મૂકવામાં આવી હતી, જેમાં ટ્રસ્ટીઓ તરીકે નીચેના નામો નીમવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ અમ્રતલાલ કાળીદાસ, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા. એમ. એ. શેઠ ગુલાબચંદ આણંદજી, લાલા બાબુરામજી, શેઠ સકરચંદ મોતીલાલ, શેઠ દલીચંદ વીરચંદ, શેઠ ડાહ્યાભાઇ નગીનદાસ, શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, બાબુ પૂર્ણચંદજી નાહાર, શેઠ મણીલાલ બાલાભાઇ.

ત્યારબાદ યોજનાના સક્રિય પ્રદેશને અંગે ખુબ વાટાઘાટ ચાલી હતી, જેના પરિણામે નીચેના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા.

(૧) સ્વ. શ્રી આત્મારામજી મહારાજના પ્રસિદ્ધ પુસ્તકોના ભાષાન્તરો આદિ સાહિત્યના પ્રકાશનો કરવા અને બને તેટલી સસ્તી કિંમતે તેનો પ્રચાર કરવો.

(૨) મૂળ રકમનું વ્યાજ ઉપરાંત જરૂર મુજબ વધારે રકમ દર વર્ષે ખરચવી.

(૩) આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની પ્રેરણા અને મહેનતના પરિણામે આ ફંડ એકત્ર થયું છે માટે દરેક કાર્યમાં તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે પ્રકાશનાદિ કાર્ય ચલાવવું.

(૪) ટ્રસ્ટીઓમાં મંત્રી તરીકે શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયાની વરણી કરવામાં આવી અને મીટીંગનું કોરમ ઓછામાં ઓછા ચાર ટ્રસ્ટીઓનું રાખવું ઠરાવ્યું.

(૫) એક માસમાં ટ્રસ્ટી મંડળની આંતર-વ્યવસ્થાના નિયમો મંત્રીએ ઘડીને ટ્રસ્ટીઓની મીટીંગમાં રજુ કરવા અને સૂરિજીની સંમતિ મેળવી તે પસાર કરવા.

(૬) ફંડનો મૂળ ઉદ્દેશ માર્યો ન જાય તે લક્ષમાં રાખીને કાર્ય ચલાવવું.

ચાર-પાંચ કલાકની વાટાઘાટ પછી ઉપરની મતલબના ઠરાવો સર્વાનુમતે પસાર થવા બાદ જુની કમીટી વિસર્જન થતી હોઇને તેના હસ્તકના વહીવટનો કુલ ચાર્જ ટ્રસ્ટીમંડલના મંત્રીને સોંપવાનો ઠરાવ કરી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

## જૈનધર્મની પ્રાચીનતાઃ—

એ જ દિવસે સાંજના પાંચ વાગે નાયબ દિવાન શ્રી મણીભાઇ નાણાવટીના પ્રમુખસ્થાને જાહેર સભા યોજવામાં આવી હતી જ્યારે ડો. પ્રાણનાથ વિદ્યાલંકારનું જૈનધર્મની પ્રાચીનતા પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

## સેવાભાવી ડોકટરોના સન્માન—

મુંબઇના સેવાભાવી સુપ્રસિદ્ધ ડોકટરો (૧) ત્રીભોવનદાસ ઓધડભાઇ શાહ એફ. આર. સી. એસ. (૨) શ્રી ચીમનલાલ નેમચંદ શ્રોફ, એમ, બી. બી. એસ અને ડી. ઓ. એમ. એસ. લંડન (૩) શ્રી નાનચંદભાઇ કસ્તુરચંદ મોદી એલ. એમ. તથા મોહનલાલ હેમચંદને નાયબ દિવાન મહેરબાન મણીલાલ બાલાભાઇના પ્રમુખપણા નીચે માનપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રીજો દિવસ : ભવ્ય વરઘોડો

ફા. વ. ૦)) તા. ૨૩–૩–૩૬

આજે સવારના **આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજની પ્રતિકૃતિનો વરઘોડો ચઢાવવાનો કાર્યક્રમ હતો. વરઘોડાને ભવ્ય બનાવવા માટે વડોદરાના ઉત્સાહી ભાઇઓએ સારી તૈયારી કરી હતી. સવારના આઠ વાગતા શ્રી આદિનાથના મંદિરે માનવમેદની એકત્ર થવા લાગી. વરઘોડામાં નિશાનડંકો, હજુરાત પાગા, ચાંદીના હાથીવાળો ઇંદ્રધ્વજ, ચોકખા ચોકઠા, સોનાચાંદીની અને મખમલની અંબાડીવાળા પાંચ હાથી, શ્રી પાર્શ્વનાથ વિદ્યાલય, પંજાબની જુદી જુદી સંસ્થાઓ અને અત્રેના જૈન–યુવક સંઘના જુદા જુદા ચાર બેન્ડો, આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની એક મોટરમાં ૮×૫ ફુટની સાઇઝના ભવ્ય પ્રતિકૃતિ, એક મોટરમાં જૈન બાળાશ્રમની ભજનમંડળી, ચાંદીનો રથ વગેરે ઉપરાંત ઘોડાગાડી અને મોટરમાં દોઢસો જેટલાં સાંબેલા શણગારવામાં આવ્યા હતાં. વરઘોડાની વ્યવસ્થા યુવકસંઘના સ્વયંસેવકોએ જાળવી હતી; અને દેશ–દેશના જૈન ગૃહસ્થો, મુનિમંડળ, સ્થાનિક અધિકારી મંડળ આદિ ચાર હજારની માનવ–મેદનીએ આ વરઘોડાનો લાભ લીધો હતો. દોઢ–બે માઇલનો આ લાંબો વરઘોડો આદિનાથના મંદિરેથી નવાબજાર, કોઠીપોળ, લહેરીપુરા મારકેટ થઇ શતાબ્દિ મહોત્સવના મંડપે ઉતર્યો હતો.

વરઘોડો મંડપ પાસે આવતા શતાબ્દિનાયકની પ્રતિકૃતિને પંજાબીઓએ રૂપિયાથી વધાવી હતી. આ દોઢસોથી બસો રૂપિયા ગરીબોએ ઉપાડી લીધા હતા.

બપોરના બીજી બાજુ થીએટરના હોલમાં સ્થાનિક શ્રી પ્રાચ્ય વિદ્યાલયના ઉપરી અધિકારી શ્રીયુત બી. ભટ્ટાચાર્યના પ્રમુખપણા નીચે પ્રાચ્યવિદ્યાલંકાર ડો. પ્રાણનાથનું દીપકચિત્રો સાથે “જૈન ધર્મની પ્રાચીનતા” વિષયક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ સમયે શાંતિ જળવાઈ રહે એ ખાતર પ્રેક્ષકોનો રૂા. એક અને બે એમ ચાર્જ રાખવામાં આવ્યો હતો; છતાં લગભગ દોઢસો ભાઇઓએ તેનો લાભ લીધો હતો.

# ચતુર્થ દિવસ : અર્ધમાગધી માટે ખાસ ઠરાવ

ચૈત્ર શુ. ૧ તા. ૨૪–૩–૩૬

**પ્રભાત ફેરીઃ—**

શતાબ્દિ મહોત્સવને અંગે આજનો દિવસ મુખ્ય હતો, કારણ કે શતાબ્દિનાયકનો જન્મદિવસ આજે હતો, તેથી આજનો કાર્યક્રમ વધારે રસિક બનાવવામાં આવ્યો હતો તેમ મહેમાનોની સંખ્યા પણ સારા પ્રમાણમાં હતી.

પ્રાતઃકાળે છ કલાકે ગુજરાનવાળા, હોશીયારપુર, જંડીયાલા આદિ પંજાબની ભજનમંડળીઓ વરકાણા અને ઉમેદપુરની જૈન શિક્ષણ સંસ્થાઓ આદિએ બેન્ડ વગેરે સાધનો સાથે શહેરના મુખ્ય મુખ્ય ભાગોમાં ફરી ગુરૂકીર્તન કર્યું હતું અને શહેરનું વાતાવરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂભક્તિથી તરબોળ બનાવ્યું. દરેક ભજનમંડળી આઠ કલાકે મંડપમાં આવી પહોંચતા સભાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

કવિ ભોગીલાલે પોતાની કાવ્ય-શૈલીમાં ગુરૂ-ઉપદેશનો મહિમા રજુ કરવા બાદ સભાનું અધ્યક્ષસ્થાન આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે સ્વીકાર્યું હતું.

બહારગામના આવેલા સંદેશા વાંચી સંભળાવવામાં આવ્યાબાદ કાર્ય શરૂ થયું.

**ડૉ. પ્રાણનાથે** પોતાના ભાષણમાં **જૈન**ધર્મની પ્રાચીનતા પૂરવાર કરતાં જણાવ્યું કે પ્રાકૃત ભાષા એ જૈન ધર્મની ખાસ ભાષા છે અને તે સૌથી પૂરાણી છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ગંગા નદીથી નીલ નદીના પ્રદેશ સુધી તે પ્રચલિત હતી અને સંસ્કૃત આદિ ભાષાઓ એ પ્રાકૃત ભાષામાંથી જન્મ પામી છે. આ વિષયને વધુ સ્પષ્ટ કરવા માટે તેઓએ પ્રાચીન સમયની પ્રાકૃત લીપીઓના નમુનાઓ રજુ કર્યા હતા તેમ જ સંસ્કૃત એટલે સુધરેલી-વિકાસ પામેલી ભાષા છે એમ પૂરવાર કરી વચન, જાતિ વગેરે વ્યાકરણની સામ્યતા અને ભિન્નતાના દ્રષ્ટાંતો આપી પ્રાચીન ઇજીપ્શ્યન અને સુમેરીયન ભાષા એ જ આપણી પ્રાચીન પ્રાકૃત ભાષા હોવાનું મોહન જો-ડેરોની લીપીના આધારે પૂરવાર કર્યું હતું. એમનું સારૂંએ ભાષણ **જૈન**ધર્મના પ્રાચીન અભ્યાસ માટે મનનીય અને નવો પ્રકાશ આપનારૂં હતું.

ત્યારબાદ પંડિત માધવાનંદજીએ ગુરૂદેવની અજબ કાર્યશકિતનો ટૂંકામાં પરિચય આપી આ પ્રસંગે સંસ્કૃતમાં પોતે તૈયાર કરેલ અષ્ટક વાંચી સંભળાવ્યું હતું તેમજ શ્રી જેચંદ કાળીદાસે સ્વકૃત સમયોચિત કાવ્ય વાંચી સંભળાવ્યું હતું.

## પાલનપુરનરેશનો હિસ્સોઃ-

અત્રે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પાલનપુરના સંદેશના અંગે જણાવ્યું કે આ શતાબ્દિ મહોત્સવ સમયે મને જણાવતા હર્ષ થાય છે કે ના. **પાલનપુરના નવાબ સાહેબે** રૂા. ૨૦૧) ની ભેટ મોકલી છે, અને રજુ કરવા કરવા માટે પાલનપુરના નગરશેઠની આગેવાની નીચે એક ખાસ ડેપ્યુટેશન અત્રે મોકલ્યું છે. પાલનપુર રાજ્ય સાથે **જૈનો**નો સંબંધ ઘણા જુના સમયથી લાગણીભર્યો ચાલ્યો આવે છે. શતાબ્દિ અંકને અંગે જ્યારે તેમની છબી લેવા ડેપ્યુટેશન. ના નવાબ પાસે ગયું ત્યારે તેઓએ જણાવ્યું હતું કે આ શુભ મહોત્સવ મારા આંગણે કેમ ન ઉજવાય? ઉત્સવને અંગે ગમે તેટલો ભોગ આપવા તેઓ તૈયાર હતા. ખાસ કાર્ય પ્રસંગે તેઓ દિલ્હી ગયા હોવાથી અત્રે આવી શકયા નથી.

વધુમાં **આ. વિજયલબ્ધિસૂરિજી, મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, મુનિરાજશ્રી દર્શનવિજયજી** વગેરેના સંદેશા બદલ અત્રે હર્ષ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, બાદ શાસ્ત્રી નિત્યાનંદજીએ સમયોચિત વક્તવ્ય રજુ કર્યું હતું.

ત્યારબાદ સાંગલીનરેશે લોકમતને માન્ય રાખી તેમના તરફથી થનાર યજ્ઞમાં પશુબળી નહિ દેવાનો ઠરાવ કર્યો તે બદલ અભિનંદન આપતો એક ઠરાવ કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અર્ધમાગધીનો ઠરાવ.

ત્યારબાદ સુરિજીએ જણાવ્યું કે જૈન સાહિત્યના અભ્યાસ માટે અર્ધમાગધી ભાષાના અભ્યાસની ખાસ અગત્ય છે, ભગવાન મહાવીરનો સંદેશ એ ભાષામાં હતો અને ગઇકાલે ડો. પ્રાણનાથે સિદ્ધ કર્યું તેમ દુનિયાની પ્રાચીન ભાષામાં અર્ધમાગધી ભાષા અતિ પ્રાચીન ભાષા ગણાય છે. અત્રેની કૉલેજમાં પાલી વગેરે ભાષાને સ્થાન છે જ્યારે અર્ધમાગધી માટે સગવડ નથી. મેં આ માટે ના. દિવાનસાહેબનું ધ્યાન ખેંચ્યું છે અને ના. ગાયકવાડનરેશના કાને વાત પહોંચાડવા ભલામણ કરી છે. આ માટે એક પ્રસ્તાવની મને અગત્ય લાગે છે.

ત્યારબાદ શ્રી હરિરાય બુચે આ બાબતનો ટેકો આપતા નીચેનો ઠરાવ રજુ કર્યો હતો.

**જૈનોના લગભગ તમામ પ્રાચીન ગ્રંથો અર્ધમાગધીમાં રચાએલ છે અને એ ગ્રંથોના પ્રચારની જરૂર છે. ગુજરાતની લગભગ તમામ કૉલેજોમાં અર્ધમાગધી શીખવવા માટે સગવડ છે, જ્યારે વડોદરાની કૉલેજમાં તે માટે સગવડ નથી, તો આજની સભા ના. ગાયકવાડનરેશને વિનંતિ કરે છે કે અત્રેની કૉલેજમાં અર્ધમાગધી માટે યોગ્ય પ્રબંધ કરી આભારી કરે.**

ઠરાવને અંગે તેઓશ્રીએ યોગ્ય વિવેચન કર્યું હતું અને ભાઈ સુંદરલાલ ચુનીલાલ જેઓ અર્ધમાગધીના અભ્યાસક છે તેઓએ આ ઠરાવને ટેકો આપ્યો હતો. છેવટ આ ઠરાવની યોગ્ય વિધિ કરવાનું શ્રીયુત વાડીલાલભાઇ મગનલાલ વૈદ્યને સોંપવામાં આવ્યું હતું.

પ્રવર્ત્તક લાભવિજયજી મહારાજે આજના ઉત્સવની સાથોસાથ બુટેરાયજી મહારાજની જયન્તી હોઇ બન્ને પ્રસંગો માટે હર્ષ પ્રદર્શિત કર્યો હતો.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસે જણાવ્યું કે જે મહાત્માના ગુણગાન માટે આપણે એકત્ર થયા છીએ તેમના એક ભક્ત તરીકે મને આનંદ થાય છે. આ મહાત્માના નામે ભાવનગરમાં જૈન આત્માનંદ સભા ચાલે છે અને સૂરિજીના લખાએલ એક-બે સિવાયના તમામ ગ્રંથો પ્રગટ કરવાનું માન આ સંસ્થાને ઘટે છે. આ સંસ્થાએ આજ સુધીમાં ૨૦ હજારની કિંમતના પુસ્તકો સાધુ-સાધ્વીઓને ભેટ તરીકે આપ્યાં છે. આ મહાત્માના શતાબ્દિના સ્મરણરૂપે એક ગ્રંથમાળા શરૂ કરવાનું પ્રથમ સદ્દભાગ્ય પણ સભાને સાંપડયું છે, અને ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચરિત્ર જેવા મહાન પુસ્તકોનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સભાની આ સાહિત્યપ્રગતિ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી, પૂજ્ય સુરિજી, મુનિ શ્રી હંસવિજયજી મહારાજ, પં. શ્રી ચતુરવિજયજી મહારાજ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ અને મુનિ શ્રી ચરણવિજયજી મહારાજને આભારી છે.

બાદ મુનિ મહારાજ ચરણવિજયજીએ જણાવ્યું કે પૂજ્ય આત્મારામજી મહારાજપાસે અનેક વિદ્વાનો આવતા હતા અને પોતાની શંકાઓનું સમાધાન કરતા હતા. વ્હેમો અને અન્યાયનો તોલ એ એમનું જીવન-સૂત્ર હતા. બાદ શતાબ્દિ સીરીઝ અંગે જણાવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આ મહોત્સવ સ્મરણુ તરીકે એક સીરીઝ શરૂ કરવામાં આવી છે. જે દ્વારા ન્હાના-મોટા સાત પુસ્તકો પ્રગટ થયા છે. અમારી ઉમેદ આ સીરીઝને વધારે સમૃદ્ધ અને વધારે સસ્તી કરવાનો છે.

ત્યારબાદ પં. માધવાનંદજી, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા, મુનિ મહારાજ શ્રી સમુદ્રવિજયજી મહારાજ, ગાંધી ઉત્તમચંદ કેશવલાલ, બાબુલાલજી એમ. એ. એલએલ. બી. આદિ વક્તાએએ સમયોચીત વક્તવ્યો રજુ કર્યા હતા.

છેવટ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ મંગળસૂત્ર સંભળાવી સભાની પૂર્ણાહુતિ કરી હતી.

બપોરના એ જ મંડપમાં સ્વ. આત્મારામજી મહારાજકૃત સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

છેવટ શ્રી મણીલાલભાઇ, ગાંધી અમથાલાલભાઇ અને વાડીલાલભાઇએ સૌનો આભાર માન્યો હતો. ત્યારબાદ રાત્રીના દસ કલાકે પ્રજાપતિ યુવાન મંડળી તરફથી "વીર અભિમન્યુ" નો નાટ્યપ્રયોગ ભજવવામાં આવ્યો હતો જેની આવક શતાબ્દિ સ્મારકમાં વાપરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ રીતે મહોત્સવને સફળ બનાવવામાં તેના આદ્યપ્રેરકો જેટલા યશપાત્ર છે તેટલો એ યશ સ્થાનિક સેવકો તરીકે વડોદરાના સંઘપતિ તથા શ્રી વાડીલાલભાઇ વૈદ્ય આદિને ઘટે છે કે જેઓએ પંદર દિવસના ટુંક સમયમાં સતત પરિશ્રમ વેઠી આટલી સફળતા મેળવી.

મહોત્સવને સમસ્ત હિન્દે પોતાનો માન્યો હોવાથી તેમાં કોના સહકારની નોંધ લેવી અને કોની નહિ તે કઠિન હતું. મહારાષ્ટ્ર, પંજાબ, મારવાડ, ગુજરાત, પૂર્વદેશ, કાઠિયાવાડ, આદિ દરેક સ્થાનોના અનેક ભાઇઓએ આ ઉત્સવને પોતાનો માની, અત્રે હાજરી આપી હતી. તેમાં કેટલાક નીચે પ્રમાણે પણ હતા.


શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા, શ્રી હંસરાજજી શાસ્ત્રી, શ્રીબાબુરામજી જૈન, બાબુ શ્રી કીર્તિપ્રસાદજી, શ્રી જીવનચંદ ધરમચંદ સુરત, શ્રી ગુલાબચંદ આણંદજી ભાવનગર, શ્રી ચંદુલાલ સારાભાઇ, શ્રી રણછોડભાઇ રાયચંદ, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, શ્રી મગનલાલ મુળચંદ શાહ, ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી મુળચંદ આશારામ વૈરાટી. ગાંધી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ, શ્રી દેવચંદ દામજી શેઠ, શેઠ અમૃતલાલ છગનલાલ, શેઠ હરજીવનદાસ દીપચંદ, શાહ દામોદરદાસ દીયાળજી, શાહ નગીનદાસ ઉત્તમચંદ. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી હીનાભાઇ રામચંદ મલબારી, ડો૦ ટી. એ. શાહ, ડો૦ ચીમનલાલ શ્રોફ, ડો૦ મોદી નાનચંદ કેસરીચંદ, ડો૦ મોહનલાલ શાહ, હંસરાજજી એમ. એ. પંડિત શ્રી સુખલાલજી સંઘવી બનારસ, ડો૦ શ્રી પ્રાણનાથજી, શ્રી ડાહ્યાભાઇ, શ્રી ઉતમચંદ નાનચંદ ઝવેરી, શ્રી ફુલચંદ શામજી. શ્રી ફુલચંદ હરીચંદ દોશી, શ્રી કેશવલાલ મંગળચંદ શાહ, શ્રી મોહનલાલ ચુનીલાલ ઝવેરી શ્રી વીઠલદાસ માસ્તરવાળા, શ્રી દીપચંદ પાનાચંદ માસ્તર ખંભાત, શ્રી પુંજાભાઇ દીપચંદ, શ્રી શકરાભાઇ લલુભાઇ, શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેસંગભાઇ લાલચંદ, રાજપાળ મગનલાલ વોરા, લાલા શ્રી માલોકચંદજી દુગડ ગુજરાંનવાળા, લાલા શ્રી અરલાદાસજી મજાલી ગુજરાનવાલાં, પંડિત શ્રી સુંદરદાસજી લાહોર, પંડિત શ્રી બનારસીદાસજી લાહોર, શ્રી બાબુ મોહનલાલજી અમૃતસર, લાલા શ્રી ચુનીલાલજી અમૃતસર, બાબુ દોલતરાયજી વકીલ, લાલા ટેકચંદજી લાલા ટોકરમલજી લોલા વૃજલાલજી, બાબુ અમરનાથજી હુશીયારપુર, લાલા રામચંદજી જાલંધર, લાલા ખેતશી લખમીદાસ જંડીયાલા ગુરૂકા લાલા હંસરાજજી સરાફ, લાલા સંતરામજી, અંબાલા લાલા નેમદાસ એમ. એ. અંબાલા વગેરે હતા.



આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું સમાધી મંદિર-ગુજરાનવાલા.

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી પાટણ શહેરમાં ઉજવાયેલ

# આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજીનો
# જન્મ શતાબ્દિ મહોત્સવ.

**શ્રી પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે થયેલ મહોત્સવ.**



ચૈત્ર શુદિ એકમની સવારથી જ પાટણમાં જૈન સમાજમાં કોઇ અનેરો ઉત્સાહ છવાઈ રહ્યો હતો. આજે પૂજ્યપાદ આત્મારામજી મહારાજ સાહેબનો જન્મ દિવસ હતો અને શતાબ્દિ મહોત્સવનો પ્રથમ દિવસ હતો. સ્ત્રીઓ અને પુરૂષોના ટોળેટોળા સાગરના ઉપાશ્રય તરફ આવી રહ્યા હતા. બોર્ડિંગનું વોલંટીઅર બેન્ડ આવી પહોંચ્યું અને સરઘસ ગોઠવાયું. આત્મારામજી મહારાજની મ્હોટી ઓઇલ પેન્ટ છબી વિકટોરીઆ ગાડીમાં પધરાવવામાં આવી અને સભા મંડપમાં સૌ ગોઠવાઈ ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભામંડપ ખાસ ઉભો કરી તેને ધ્વજાપતાકા અને નીતિમય તથા ધાર્મિક સૂત્રો અને બોર્ડોથી શણગારવામાં આવ્યો હતો. લગભગ ૨૫૦૦ થી ૩૦૦૦ સ્ત્રી-પુરૂષોની હાજરીથી મંડપ ઉભરાઇ રહ્યો હતો. શરૂઆતમાં ધામી **મોહનલાલ** ચુનીલાલે તથા એક વિદ્યાર્થીએ સ્તુતિ ગાયા બાદ કાઠિઆવાડના અંધકવી માણેકલાલે કોકીલ કંઠથી એક સુંદર કાવ્ય ગાઇ સંભળાવ્યું હતું. પ્રમુખસ્થાને આત્મારામજી મહારાજનો મ્હોટો ફોટો મૂકવામાં આવ્યો હતો અને બાજુમાં પ્રવર્તક શ્રી **કાન્તીવિજયજી** મહારાજ તથા પંન્યાસજી શ્રી **સંપતવિજયજી** મહારાજ મુનિવર્ગ સાથે બિરાજમાન થયા હતા. એક બાજુ સાધ્વીઓની હાજરી હતા.

પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ સાહેબે મંગલાચરણ કરી, ભગવાન મહાવીરની સ્તુતિ કરી શતાબ્દિની ઉદ્ઘાટન ક્રિયા થોડા વિવેચન સાથે કરી હતી.

ફુલચંદભાઇએ પરિચય કરાવ્યા બાદ **જિનવિજયજી**એ બોલતા જણાવ્યું કે આજનો દિવસ એક કલ્યાણક જેવો ગણવો જોઇએ. સૌથી મ્હોટા શાસનરક્ષક, ધર્મપ્રભાવક, યુગપ્રવર્તક શ્રીમદ્ આત્મારામજી મહારાજનો આજે જન્મદિવસ છે અને તેને સો વર્ષ પૂરા થાય છે. પાટણને ગર્વ લેવા જેવો છે કે તેને મહારાજશ્રીના વિદ્વાન વયોવૃદ્ધ આજ્ઞાધારક શિષ્ય કાન્તીવિજયજીના પ્રમુખપણા નીચે શતાબ્દિ ઉજવવાની તક મળી છે. જૈનધર્મના વિકાસમાં એ મહાત્માએ મ્હોટો ફાળો આપ્યો છે. મારા દુર્ભાગ્યે એ મહાત્માના દર્શન હું કરી શક્યો નથી પણ એમના જે જે ગ્રંથો વાંચવામાં અને ભણવામાં આવ્યા છે તથયા અત્રે બિરાજમાન પુજ્ય સાધુઓના મુખેથી જે સાંભળી શક્યો છું એ ઉપરથી કહી શકું છું કે તેઓ એ વખતના યુગપ્રધાન હતા. અને એમના જ પ્રતાપે આજે જૈનધર્મનો આટલો પ્રચાર થઇ રહ્યો છે. એઓશ્રી ન જન્મ્યા હોત તો નથી કહી શકતો કે આજે જૈન ધર્મની શું દશા હોત? એમને પ્રતાપે આટલા બધા સાધુઓ વિચરી રહ્યા છે, સંસ્થાઓ ચાલી રહી છે અને ધર્મપતાકા ફરકી રહી છે. એમના ગુણગાન કરવા, ભક્તિ કરવી અને એમના જીવનમાંથી બોધ લેવો એ પ્રત્યેક જૈનની પવિત્ર ફરજ છે. ( અત્રે લાઉડ સ્પીકર ચાલુ થયા હતા. ) તેઓ મહાન પરોપકારી અને તીર્થંકર જેટલા જ આદરણીય અને સ્મરણીય છે. ધર્મની બુઝાઇ જતી જ્યોત એમણે પ્રગટાવી છે, તેઓ આ યુગના સૌથી પહેલા આચાર્ય હતા.

બાદ મોહનલાલ ચુનીલાલ ધામીએ ગદ્યમાં એમના ચરિત્ર ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ શા. મણીલાલ ગભરૂચંદે જીવન ઉપર વિવેચન કર્યું હતું.

બાદ સાક્ષરવર્ય મુનિમહારાજ **શ્રી પુન્યવિજયજી** મહારાજે બોલતાં જણાવ્યું હતું કે તેઓ એક અવતારી પુરૂષ હતા. જ્યારે તેઓ અમદાવાદ આવ્યા ત્યારે સાધુઓની સંખ્યા ફક્ત ચાલીશથી પચ્ચાસની જ હતી. એમની સાથે પણ ફક્ત પંદર જ સાધુ હતા, પણ એમના ઉપદેશથી અને ચારિત્રબળથી એ સંખ્યા વધી ગઇ હતી. તેઓશ્રીના અક્ષરદેહરૂપી પુસ્તકો આજે પણ એમની શક્તિ અને બુદ્ધિનું ભાન કરાવે છે.

પ્રોગ્રામ ખલાસ કરી સભા વિસર્જન કરવામાં આવી હતી.

બપોરના એ જ મંડપમાં સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બીજો દિવસ.

બરાબર સાડાનવ વાગે આજના દિવસનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. ગુરૂ–સ્તવના કરવામાં આવ્યા બાદ મુનિરાજશ્રી પુન્યવિજયજી મહારાજે બોલતા જણાવ્યું હતું કે આ શતાબ્દિના ઉત્પાદક શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી છે. આવા મહોત્સવોમાંથી આપણને ઘણું ઘણું જાણવાનું તથા શીખવાનું મળે છે. પૂજ્ય આત્મારામજી મહારાજ ક્ષત્રીયકુળમાં જન્મ્યા હતા છતાં જૈન સ્થાનકવાસી કુળમાં ઉછર્યા હતા. અહિંઆથી જ તેમનામાં જૈન ધર્મના બીજ વવાણા હતા. સ્થાનકવાસી સાધુ થઇ બત્રીશ આગમોનો અભ્યાસ કરતા એમની જિજ્ઞાસા વધી ગઇ. એમણે સત્યનું શોધન કરવા પ્રયત્ન કર્યો કર્યો અને તેમણે પ્રાપ્ત કરેલું સનાતન સત્ય પોતાના જીવનમાં ઉતારી બીજાઓને અર્પણ કર્યું.

જ્યારે જ્યારે વાદવિવાદના પ્રસંગો ઉપસ્થિત થતા ત્યારે તેઓ જરાપણ ઉશ્કેરાતા નહિ કે અધીરા થતા નહિ, પણ શાન્તિથી પોતાને કહેવાનું હોય તે જણાવતા અને સામાના દિલમાં ઉતારતા. અમેરીકાના ચીકાગો શહેરની ધર્મ પરિષદમાં તેઓશ્રીને આમંત્રણ મળ્યું હતું. એક જૈન સાધુ તરીકે જલવિહાર કરી ત્યાં જવાને તેઓ અશક્ત હતા પણ ધર્મ–પ્રચારની આવી અમૂલ્ય તક કેમ જવા દેવાય? આખરે તેઓએ જૈન દર્શન ઉપર એક એક નિબંધ તૈયાર કરી શ્રીયુત વીરચંદ રાઘવજી બાર-એટ–લોને તૈયાર કરી પોતાના પ્રતિનિધિ તરીકે અમેરીકા મોકલ્યા. જેમણે એમનું કાર્ય પ્રશંસનીય રીતે કર્યું, પરંતુ જ્યારે તેઓ પાછા ફર્યાં ત્યારે સમાજે એમના પરદેશગમન માટે મ્હોટો ઉહાપોહ કરી મૂક્યો ત્યારે મહારાજશ્રીએ શાસ્ત્રના આધારો ટાંકી બતાવ્યું કે જ્યારે ખંભાતમાં મોગલ રાણી આવ્યા ત્યારે વસ્તુપાળ તેમની સાથે મક્કા મદિના ગયા હતા, તોરણો ચઢાવ્યા હતા અને કોલાહલ શાન્ત પડ્યો અને પરદેશગમન સુલભ બની ગયું.

સભામાં પધારેલ નાયબ સુબાસાહેબે બોલતા જણાવ્યું કે આપણે સૌ ભેગા થઇ શતાબ્દિ મહોત્સવ ઉજવીએ છીએ એ બદલ મારા અભિનંદન છે. દરેક ધર્મમાં સત્ય રહેલું છે. લોકોમાં રહેલું અજ્ઞાન આવા પ્રસંગોથી દૂર થઇ શકે છે. જૈન ભાઇઓએ પોતાના ભાઇઓને કલાકૌશલ્ય અને નીતિનું શિક્ષણ આપવું જોઇએ ધર્મ એ બળવાન શક્તિ છે. સત્ય કહેનારા બહુ થોડા હોય છે. આવા પ્રસંગો સમાજનાં રહેલી મલીનતા દૂર કરી કરી તેમને સદ્માર્ગે પ્રેરે છે. આત્મારામજી મહારાજે ઘણી સેવા કરેલી છે. શતાબ્દિનો વિજય ઇચ્છતા પોતાને બોલાવા માટે આપવામાં આવેલી તકનો તેઓશ્રીએ આભાર માન્યો હતો.

બાદ પ્રવર્ત્તક શ્રીમદ્ **કાન્તિવિજયજી મહારાજે** બોલતા જણાવ્યું કે મારા ગુરૂના ગુણાનુવાદ કરવા માટે આખી સભા ભેગી થઇ છે. અત્રે ગુણાનુવાદ સાંભળી મારા દિલને બહુ જ આનંદ થયો છે. મહારાજશ્રી જન્મે ક્ષત્રીપુત્ર હોવા છતાં કેવા સંયમી અને શાન્ત હતા તેમ જ કેટલા સહનશીલ હતા ને તેઓશ્રીએ માલેરકોટલાનો અઠ્ઠાઇ મહોત્સવ તથા મારવાડમાં પીંડવાડાના ગોડીમાં મળેલા લુંટારાના પ્રસંગો વર્ણવી બતાવ્યું હતું. અત્રે ટ્રેનમાંથી બીજા વક્તાઓ આવી પહોંચતા મહારાજશ્રીનું વ્યાખ્યાન મુલતી રહ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરના વલ્લભદાસ ગાંધીએ બોલતા જણાવ્યું હતું કે પંજાબમાં આર્યસમાજી અને સનાતનીઓ તરફથી જૈનધર્મ ઉપર આક્ષેપો થઇ રહ્યા હતા, ગુજરાતમાં શાન્તિસાગર અને હુકમ મુનિ તરફથી હુમલા થઇ રહ્યા હતા ત્યારે આ મહાન્ વિભૂતિનો જન્મ થયો હતો અને તેને સૌને સંવાદપૂર્વક જીતી જૈન ધર્મ તે સનાતન ધર્મ જ છે તે બતાવી આપ્યું હતું. સભા તરફથી આત્માનંદ સીરીઝ શરૂ કરવામાં આવી છે તે પ્રસંગોચિત જાહેર કર્યું હતું.

ભોગીલાલ કવિએ સંગીતમાં સ્તુતિ કાવ્ય ગાઇ સંભળાવ્યું હતું અને કરાંચીવાળા પોપટલાલ ત્રિભોવનદાસે યોગ્ય વિવેચન કર્યું હતું.

બપોરના મહારાજશ્રીની છબીને ગાડીમાં પધરાવી વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

રાત્રીના પ્રભાવના, રાત્રીજગો કરવામાં આવ્યો હતો. વ્યાયામના સુંદર પ્રયોગો વિદ્યાર્થીઓએ તથા બીજાઓએ કરી બતાવી લોકોના દિલ રંજન કર્યા હતા. પંચાસરાજી બારે આંગી રચવી હતી. ભાવના પણ બેઠી હતી.

## ત્રીજો દિવસ.

પ્રારંભમાં કવિ ભોગીલાલે વીર સ્તુતિ સાથે સંગીતકાવ્ય સંભળાવ્યા હતા. ત્યારબાદ પંડિત સુખલાલજીએ પોતાનું વક્તવ્ય સમયાનુસાર આપ્યું હતું અને શ્રી જિનવિજયે સમયને અનુસાર બોલવા સાથે પૂજ્ય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીની ઇચ્છાનુસાર જ્ઞાનમંદિર તુરતમાં કરવા માટે શ્રી સંઘને વિનંતિ કરી હતી.

## ચોથો દિવસ.

જૈન જ્યોતિના તંત્રી ધીરજલાલ ટોકરશીના અવધાન પ્રયોગો અને વરકાણા પાર્શ્વનાથ વિદ્યાલયનું સંગીત ને પંજાબ, ગુજરવાલાના વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સંગીત



શાન્તમૂર્તિ સ્વ૦ હંસવિજયજી મહારાજ
( શ્રીશતાબ્દિના પ્રેરક )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા વ્યાયામના પ્રયોગો કરી બતાવ્યા હતા.

ચૈત્ર શુદ ૬ ના રોજ સવારે નવ વાગે મહારાજના ફોટાને ગાડીમાં પધરાવી શ્રી પ્રવર્તકજી મહારાજ, અન્ય સાધુ સમુદાય, સાધ્વી મહારાજો ને શ્રાવક–શ્રાવિકાના બહોળા સમુદાય સાથે વાજતે ગાજતે તે સરઘસ શ્રીસાગરના ઉપાશ્રયે લઈ જવામાં આવ્યું હતું. ત્યાં મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે શતાબ્દિ પછી શું ? તે સંબંધી અસરકારક વિવેચન કરી મહોત્સવની પૂર્ણાહુતી જાહેર કરવામાં આવી હતી.

## સાદડી ( મારવાડ )

**શતાબ્દિની સફળતા**—સાદડીમાં પંચાયતી નોહરાના વ્યાખ્યાન હોલમાં આચાર્યશ્રી લબ્ધિસૂરિના પ્રમુખપણા નીચે મુનિશ્રી વિદ્યાવિજયજી, મુનિશ્રી ભુવનવિજયજી, મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી હિમાંશુવિજયજી, મુનિશ્રી ન્યાયવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી આદિનાં જાહેર ભાષણો થયાં હતાં. બધા મુનિરાજોએ આજકાલની પદ્ધતિ પ્રમાણે ઊભા થઈને વ્યાખ્યાન આપ્યાં હતાં. ફાગણ સુદિ ૧૪ ના દિવસે આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિ, મુનિ વિદ્યાવિજયજી, મુનિશ્રી દર્શનવિજયજી આદિ લગભગ ૨૫–૩૦ મુનિરાજો અને સમસ્ત શ્રીસંઘ સમક્ષ મુનિશ્રી વિદ્યાવિજયજીએ, સ્વ. આચાર્યશ્રી આત્મારામજી મહારાજની પ્રભાવકતાનું વર્ણન કરી. તેમની વડોદરામાં ઉજવાતી જયન્તી માટે ઠરાવ ઉપસ્થિત કર્યો હતો—“ આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉત્સવની આ અંતઃકરણથી સફળતા ઇચ્છે છે. ”

આ સિવાય મુંબઇ, સુરત ભાવનગર, મોરબી, રાંદેર ઊંઝા, રામનગર, ધુલીયા, છત્રાસા, શીનોર, ધોરાજી, વઢવાણ શહેર, મૂજા, કરાંચી, જુન્નેર, માલેગામ, જામનગર, આગ્રા, સોનગઢ, પાલીતાણા, રોહીડા, પાલનપુર, ધોળકા, અમદાવાદ, બનવાડા વગેરે અનેક નાના મોટા શહેરો અને ગામોમાં જન્મશતાબ્દિ ઉજવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા (અર્થ સહિત)

## (વિસ્તારપૂર્વક વિવેચન તથા યંત્ર સહિત.)

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનો યંત્ર છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે યંત્ર પણ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની છબી સહિત છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક **અમૂલ્ય** (યંત્ર) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક ચીજ છે. **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞાથી અને તેઓશ્રીની રૂબરૂ તમામ વિધિવિધાન અર્થ વાંચી, શુદ્ધ કરીને પ્રગટ કરવામાં આવેલ છે. શ્રી નવપદજી પૂજા વિધિવિધાન અર્થ યંત્ર વગેરેથી પ્રકટ કર્યા પછી આ અમારો બીજો પ્રયત્ન છે. યંત્રની કિંમત બે આના.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઈપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## તૈયાર છે, જલદી મંગાવો.

**શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત—**

## શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્ય મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરોમાં શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત મજબુતબાઇંડીંગ સાથે પ્રકટ કરવામાં આવેલ છે. કિંમત મુદ્દલ રૂા. ૫-૪-૦ પોસ્ટેજ જુદું. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે.

ભાષા પ્રાકૃત સંસ્કૃત છતાં આવા ઉચ્ચ સહિત્યના ગ્રંથોની પ્રસ્તાવના તથા અનુક્રમણીકા ગુજરાતી ભાષામાં આપવાનો સર્વ કોઇ આ શું વસ્તુ છે-ગ્રંથ છે તે જાણી શકે તે માટે નિર્ણય કરેલ છે. અભ્યાસકોના અભ્યાસ માટે પાઠાંતર, ફુટનોટ પરિશિષ્ટ વગેરે આપવામાં આવેલ છે. ભંડાર અને લાઇબ્રેરીના શણગારરૂપ બાહ્ય સ્વરૂપ પણ સુંદર કરવામાં આવેલ છે.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.- ભાવનગર.

For Private And Personal Use Only